॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥




## પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય


## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંજી મહારાજશ્રીની પ્રતિકૃતિ

**સ્થળ : આંતરરાષ્ટ્રીય શ્રીમાધવાનન્દઆશ્રમ – નભોઈ**

ઈન્દીરા બ્રીજ સેકટર નં.૭, નર્મદા મેઈન કેનાલ પાસે, કોબાસર્કલ, મુ.પો. નભોઈ,
તા.જી. ગાંધીનગર–૩૮૨૪૨૪, ફોન : (૦૭૯) ૨૩૨૭૬૧૫૧

વર્ષ ૩૭ સંવત ૨૦૭૨ કારતક, ડિસેમ્બર – ૨૦૧૫, અંક – ૧૨

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુર્ગુરૂર્દેવો મહેશ્વરઃ;
ગુરૂઃ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ



પ.પૂ. સ્વામી શ્રી શિવોહં સાગરજી મહારાજશ્રી

બ્રહ્મચારી અવસ્થામાં સદ્‌ગુરૂની સેવામાં તત્પર રહેતા
સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૭ / ડિસેમ્બર-૨૦૧૫ / અંક-૧૨

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ – કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | ચેતનમાં પ્રેમ કરો – રેખાબેન આર. મચાણી (ભાવનગર) |
| ૧૦ | ખેડુત અન્નદાતા – ગોરધનભાઈ જે. ગાબાણી (પીપળીયા) |
| ૧૧ | વ્યસન મુકિત – વાઘાણી સંગીતાબેન શરદભાઈ (ઘાંઘળી) |
| ૧૨ | કર્મની ગતિ – રણછોડભાઈ ધનજીભાઈ સાસપરા (અધેવાડા) |
| ૧૩ | શ્રધ્ધાંજલી (ભજન) – શર્મિષ્ટા ડી. કોશિયા (ભાંભણ) |
| ૧૩ | ભજન – આશાબેન એ. પટેલ (ભાવનગર) |
| ૧૪ | શિવકથા – દેવીકાબેન જે. પટેલ (ઓઝરાળા) |
| ૧૫ | પ્રાર્થના આત્માનો... – કનુભાઈ બી. ઠાકર (સિદ્ધપુર) |
| ૧૬ | બાળ કેળવણી – લવજીભાઈ કે. સવાણી |
| ૧૬ | એકમાત્ર પરમાત્મા... – લેખક - શિવ |
| ૧૮ | આત્મશાંતિ – સંદિપ એલ. દેસાઈ (જીવાપર) |
| ૧૯ | સત્સંગ સમાચાર – સંકલિત |
| ૨૦ | સત્સંગ સમાચાર – સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર – સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર – સંકલિત |


જય સચ્ચિદાનંદ ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*જટિલો મુંડી લુંચિતકેશઃ કાષાયમ્બરબહુકૃતવેષઃ ।*
*પશ્યન્નપિ ચ ન પશ્યતિ લોકો હ્યુદરનિમિત્તં બહુકૃતશોકઃ ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૬ ॥*

### ભાવાર્થ

*જટાજૂટધારી થઈ, મુંડન કરાવી, કેશલુંચન કરી, કાષાયવસ્ત્ર ધારણ કરી, વિવિધ પ્રકારની વેશભૂષા ધારણ કરી, માણસ જોવા છતાં જોતો નથી અને પેટને ખાતર અનેક રીતે શોક કર્યા કરે છે; તેથી હે મૂઢ ! નિત્ય ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૬ ॥*

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

એક ભાઈને આંખમાં ચશ્મા હતા અજવાળું હતું ને તોય કુવામાં જઈને પડયા. અજવાળુ ને ચશ્મા બંને હતા તોય શું થયું ? બોલો ?...એનું નામ જ મહા મુર્ખ કહેવાય કે ભગવાને આંખ આપી છે ચશ્મા આપ્યા છે તોય પણ વિચારીને ચાલવું જોઈએ ને કે આ ખાડો છે કે ટેકરો ! એમ બુદ્ધિ ભગવાને આપી આ શાસ્ત્રો રૂપી આંખો પણ આપણને આપી છે અને તોય આપણે પાછા ભોગોમાં વારંવાર ભટકીએ છીએ અને એમાં પાછા રચ્યા પચ્યા રહીએ છીએ કે મારી જેવો આ દુનિયામાં કોઈ ડાહ્યો નથી એટલે કહે છે કે-

**स्वयं धीराः पण्डितंमन्यमानाः ।**

પાછા એવા મૂઢ જીવો પોતાને મહાન પંડિત સમજે છે અને સમજે છે કે બસ આપણે કરીએ એમ જ કરવું જોઈએ ને બીજા બાવા બાવા તો ન કંઈ મળ્યું એટલે સાધુ થઈ ગયા. એની પાસે કંઈ ન હતું એટલે થઈ ગયા. આપણને તો ભગવાને ઘણું આપેલું છે. પણ ભગવાને આપ્યું તો ભગવાન પડયા રહે છે ને ભગવાનના આપેલામાં શું કરે ? બોલો ? પડયા રહે... એટલે પ્રભુ છોડીને બીજામાં ભોગોમાં ભટકવાવાળા જે જીવો છે એ--

**અમૃતરસને ઢોળી દઈને (૨),**
**વિષ હળાહળ પીધું રે;**
**સંસારી જીવે પ્રભુ સાથે હેત ન કીધું,**
(પ્રિતમદાસજી)

તો આવા લોકોની શી ગતિ થાય છે. તો કહે છે કે-

**दन्द्रम्यमाणाः पच्यिन्ति मूढा**
**अन्धेनैव नीयमाना यथान्धाः ॥**

તો આંધળા જેમ ઘણાંય હોય અને પાછળ પાછળ ઘણાં આંધળા ખાડામાં પડે અને ઘણાંય દુઃખી થાય પણ પેલા આંધળાને ય નો દેખાય ને બીજાનેય નો દેખાય એટલે એમાં ને એમાં રખડયા કરે. એમ અવિદ્યામાં રમણ કરવા વાળા લાખો કરોડો લોકો છે. એની પાછળ લાખો કરોડો શું કરે ? બોલો ? ભટકયા કરે છે. કેમ કે પેલા કરે એમ આપણે કરીએ બીજા કરે એમ આપણે કરીએ... તો સમજીને કરવું કે દેખાદેખીથી કરવું ? એટલે કહે છે કે દેખાદેખીથી કરવું હોય તો જ્ઞાનીની દેખાદેખી કરવી.

**મહાજનો એ ગત્સ્ય પંથા**

મહાપુરુષો જે રસ્તે ચાલે એમ ચાલે તો તો અજવાળુ થાય અને અજ્ઞાની જીવો મૂઢ જીવો ચાલે એની પાછળ પાછળ ચાલે તો અંધકારના ખાડામાં.. જીવો અજ્ઞાનમાં પડતા જાય છે. એટલા માટે ઉપનિષદો કહે છે કે આવા લોકો તો **दन्द्रम्यमाणाः** કે વારંવાર જન્મે છે ને મરે છે વારંવાર જન્મે છે ને વારંવાર મરે છે ને વારંવાર સંસારમાં ભટકયા કરે છે અને-

**न साम्पराय: प्रतिभात बालं**
**प्रमाद्यन्तं वित्तमोहेन मूढम् ।**
**अयं लोको नास्ति पर इति मानी**
**पुनः पुनर्वशमापद्यते मे ॥६॥**
॥१-२-६॥

યમરાજા નચિકેતાને કહે છે કે જે લોકો અજ્ઞાની મૂઢ થયેલા છે એવોને **'न साम्पराय: प्रतिभाति'** એવા લોકોને પરલોક દેખાતો નથી એટલે શરીરથી આત્મા જુદો છે કે નહિ એ સમજાતું નથી. એટલે એવા લોકોને

માટે **'अयं लोका'** કે બસ આ સંસાર જ છે. અહીં ખાઈ-પી ને મજા કરો. બીજું કોણે જોવા ગયા છે ? એટલે એ લોકો સ્થૂળને સમજે છે. શું સમજે છે ? બોલો ? જે આંખે દેખાય એટલું જ સમજે છે. ભગવાને બુદ્ધિ આપી એને વાપરતા નથી. કે તમે આ સ્થૂળ શરીર નો'તું ત્યારે કયાં હતાં. સ્થૂળ શરીર પેલાં આત્મા હશે કે નહીં હોય ? બોલો ? કે આ સ્થૂળ શરીર એ જ આત્મા છે ? તમે હું શરીર, મારું શરીર એમ બે બોલો છો ને ? બોલો ? સાવ મૂઢ હોય તો 'હું શરીર છું' એમ બોલે. થોડો થોડો સમજુ થાય તે શું બોલે ? બોલો ? 'મારું શરીર' અને પૂર્ણ જ્ઞાની બોલે તો આ શરીર કે મારું શરીર કાંઈ નથી બધું બ્રહ્મ રૂપ જ છે. સાવ અજ્ઞાની હોય તે 'હું શરીર જ છું.' એમ સમજે એને તો શરીરથી જુદો આત્મા છે એ સમજાતું નથી. પણ થોડા થોડા સમજુ થાય ત્યારે તેને ખબર પડે કે મારું શરીર તો 'મારું' કહેવા વાળો તો શરીરની અંદર કોણ છે ? બોલો ? શરીરને જાણવાવાળો શરીરથી જુદો છે જેમ

**દેહ દ્રષ્ટા દેહ નહિ જેમ**
**ઘટ દ્રષ્ટા ઘટ નહીં**

એમ દેહને જાણવાવાળો પણ દેહ નથી.

**યત્સ્વપ્નજાગર સુષુપ્તમવૈતિ નિત્યં,**
**તદ્બ્રહ્મ નિષ્કલમહં ન ચ ભૂતસંઘઃ**

(શ્રી પ્રાતઃ સ્મરણસ્તોત્રમ્)

જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ, સ્થુળ સૂક્ષ્મને કારણ ત્રણેય શરીરને જાણવા વાળું જે તત્ત્વ છે એ આત્મા છે અને એ ના હોય તો બધું જાણવાનું બંધ થઈ જાય કે મડદું થઈ જાયને પછી કાંઈ જણાતું નથી. તો જેમ મડદું થયા પેલા જે હતું અને મડદું થયા પછી જે અંદરથી નીકળી ગયું એનું નામ આત્મ તત્ત્વ છે અને એ આત્મા હંમેશા છે છે ને છે. એટલા માટે એને હજી પરલોકમાં જવું પડશે યા તો મુક્ત ભગવાનમાં જશે યા તો બીજો જન્મ લેવો પડે બંને રીતે આપણે ધર્મની જરૂર છે. જન્મ લેવો હોય તોય ધર્મ-કર્મ કરતાં રહેવા જોઈએ અને જન્મ ન લેવો હોય તોય મુક્તિ લેવા પણ શું કરવુ ? એનું જ્ઞાન મનુષ્યને હોવું જોઈએ. તો ત્રણેય આપણને સિદ્ધાંતમાં શીખવાડે કે આ રીતે જગતમાં સુખી રહેવા કર્મ કરો. ભગવાનને મેળવીને બીજો જન્મ સારો કરવો હોય તો ભક્તિ કરો અને મુક્ત થવું હોય તો સદ્ગુરૂની પાસે જ્ઞાન પ્રાપ્ત કરો. ત્રણેય કામ કરો કર્મ યોગ, ભક્તિ યોગ અને જ્ઞાન યોગ. ત્રણેયથી ત્રણ લોક સુધરી જશે.

અહીં પ્રાસંગિક વાતમાં કહે છે કે મૂઢ જીવો ને **'न सांपरायः प्रतिभाति बालः'** તો **'बालः'** નો અર્થ બતાવે છે મૂઢ બુદ્ધિવાળા. જેને આગળ પાછળનો વિચાર ન હોય એનું નામ છે બાળ બુદ્ધિના કે હું અહીં આવ્યો'તો કયાંથી આવ્યો. અહીંથી મરીશ તો મારે કયાં જવું પડશે ?

**કાયા પડશેને હંસો કયાં જઈ સમાશે,**
**એની ભાળવણી અમને દેજો,**
**સંદેશો મારા સદ્ગુરૂજીને કહેજો.**

તો સમજુ માણસો તો એવી રીતે સંતો પાસે જ્ઞાન લે છે. પણ મૂઢ જીવોને એ ખબર પડતી નથી. એટલે ૮૦ (એંસી) વરસના થાય તોય ખાય-પીને ખાટલામાં પડયા રહે કાંઈ વિચાર કરતાં નથી. મારા જીવનને માટે મેં શું કર્યું.

**દુનિયામાં કેટલું કમાણા રે,**
**જરા સરવાળો માંડજો.**

તો કહેશે કે અમારે પંદર બંગલા છે ને પંદર મોટરો છે ને પંદર સગા-વ્હાલા છે. પણ આ બધું તમારું નથી એ તો બધુ અહીં ને અહીં પડયું રહેવાનું છે.

**જગનું બધું જગમાં રહી જાશે,**
**આખર થાશે ફજેતાઈ;**
**ભજ મન પ્રભુ પરમ સુખદાઈ**
**મેલીને માન બડાઈ (૨) ભજ મન....**

એટલે **'बालं'** કહે છે કે **'वित्तमोहेन मूढम्'** કે આ મૂઢ રહ્યો કેમ ? કે પૈસાના મોહમાં રહ્યો. ભગવાનના મોહમાં... કેમ કે આપણે જોઈએ ને કે હીરાવાળા બાર વરસનો છોકરો ના થાય ત્યાં પૈસામાં લગાડી દે. તો શેનો મોહ છે એને ? એટલે પછી છોકરોય મૂઢ રહે ને પછી એના બીજા બધાય છોકરાય મૂઢ રહે.

**રડવડતી રાંડનો રઝળતો છોકરો,**
**તેને કોણ શિક્ષા દેઈ ઠોર આણે.**

(નરસિંહ મહેતા)

તો મા-બાપને ય જ્ઞાન ન હોય તો એના છોકરાને કયાંથી જ્ઞાન થાય. એટલે **'वित्तमोहेन मूढम्'** કે પૈસાના મોહમાં લોકો મૂઢ થઈ ગયા છે. મૂઢ એટલે શું ?

**'કર્તવ્યાકર્તવ્ય વિચારવિહિનો મૂઢઃ ।'**

જેને કર્તવ્ય-અકર્તવ્યનું ભાન ન હોય એનું નામ મૂઢ. માનવ જન્મમાં આવીને શું પેલું કરવું જોઈએ ?

**શૈષેવ ભ્યસ્ત વિદ્યાનાં યૌવને વિષયીષિણામ્**
**વાર્ઘક્યેમુનિવૃત્તિનાં યોગેનાન્તે તનુત્યજામ્ ।**

(કાલીદાસ)

રઘુવંશીનું વર્ણન કરતાં કાલીદાસે લખ્યું કે **શૈષવે ભ્યસ્ત વિદ્યાનાં** કે નાની અવસ્થામાં વિદ્યા ભણવી જોઈએ. બીજી અવસ્થામાં ગ્રહસ્થાશ્રમી થઈ વિષયો ભલે થોડા ભોગવે પણ ત્રીજી અવસ્થામાં તપ કરીને ચોથી **'યોગેનાન્તે તનુત્યજામ'** એ કર્તવ્ય છે. પણ એ કર્તવ્ય છે એ ભૂલી જાય છે અને કેવળ પૈસા પૈસા પૈસા પૈસાને પૈસા કેમ ક-

**પૈસો મારો પરમેશ્વર, બૈરી મારા ગુરુ;**
**છૈયા છોકરા શાલીગ્રામ, સેવા કોની કરું ?**

પછી કોની સેવા ? કોની પાસે જાય ? પછી એના ઘરમાં જ બધું આવી ગયું આગળ પાછળ કાંઈ છે નહીં, નથી જન્મને નથી મરણ કે નથી આવવું કે નથી કંઈ જવું. જે જીવને વિચાર જ નથી કે આ હું શું કરી રહ્યો છું ? શું કરવા આવ્યો છું ? મારા જીવનમાં અંદર શું મારી સાથે આવશે ? મારું ખરૂં સ્વરૂપ શું છે ?

**તું કોણ ને કોણ છે તારું,**
**આવ્યો કયાંથી ને કયાં જવાનો,**
**એ તત્ત્વને સમજવા, તમે આવો સત્સંગ દ્વારે**
**તું દેહ નહિ પણ દેહિ,**
**ચેતન છે જડની ન થેલી,**
**સત્ ચિત્ આનંદ મેળવવા, તમે આવો..સત્સંગ દ્વારે**
**જીવનનો સાર સમજવા, તમે આવો..સત્સંગ દ્વારે**

ધ્યાનથી યાદ રાખો જે શાસ્ત્રોમાં કહે છે ને તમને જે સારી વસ્તુ છે એની ઉપર જ ચોટ મારશે. પત્ની, પુત્ર, ધન તમને એમાં વધારે શું ગમે ? બોલો ? ને ચોથું લોકામાં માન. એટલા માટે એની ઉપર તમને વધારે કહે છે. એનો અર્થ એ નથી કે સાવ લેવું નહીં. પણ એમાં રહીને તમારે આત્માનું બગાડવું ન જોઈએ અને એમાં રહીને જ ઝાઝું બગડયું છે એટલા માટે એની ઉપર ચોટ મારે છે. યાદ આવ્યું ? બોલો ? કે ધન નથી જોતું એવો કોઈ અર્થ નથી પણ ધનમાં રહીને લોકોએ પોતાના આત્માનું અકલ્યાણ કર્યુ. પત્નીના મોહમાં પોતાના આત્માનું અકલ્યાણ કર્યુ લોકોના માનમાં સન્માનમાં પડીને પોતાના આત્માનું અકલ્યાણ કર્યુ એટલા માટે એની ઉપર વધારે શાસ્ત્રકારો ઋષિઓ મુનીઓ કહે છે. ડૉક્ટર તમને ગળ્યું ખાવાનું શું કામ ના પાડે ? બોલો ? કે તમે ગળ્યું ખાઈને રોગી થયા કયારેક કયારેક તીખું શું કામ ના પાડે ? કે બહુ તીખું ખાઈને પિત્ત થઈ ગયો એટલે મને ડૉક્ટરે તીખું ખાવાની ના પાડી. મીઠું ખાવાની શું કામ ના પાડે ? કે જેમાં આવે એમાં ચટણીમાય મીઠુંને આમાય મીઠું ને ઓલામાંય મીઠું નકરું મીઠું જ નાખ નાખ કર્યુ એ જોયું નય કે આ અંદર લાભ કરે કે નુકસાન એટલે પછી ડોકટરને મીઠાની ના પાડવી પડે તો કઈ કઈ વસ્તુની ના પાડી ? સારા સારાની ના પાડીને ! મીઠું ય બધાને ગમે, ગળ્યું ય બધાને ગમે ને તીખું બધાને... એટલે ડૉક્ટરે કોઈને તીખાની ના પાડી હોય ને કો'કને મીઠાની ના પાડી હોયને કો'કને ગળ્યાની ના... એમ આ શાસ્ત્ર પણ તમને પુત્ર, પત્ની, ધનમાંથી મોહ છોડવાનું શું કામ કહે ? કે એને લઈને આ જીવો અધોગતિમાં પડયા રહે છે.

**વિવિધ રચના કરી ભોગ તું ભોગવે,**
**શીવનો જીવ થયો એ જ આશે.**
(નરસિંહ મહેતા)

સમજાય છે ને ? બોલો ? ઊંઘતા નથીને ! ઝોલા ખાતા નથીને ! 'જીવરામ ઝોકાના ખાશો'

**ઊંઘજો ઊંઘજો પંખીને અવતારે,**
**ત્યાં કોઈ જગાડવા નહિ આવે.**

પંખીનો અવતાર આવેને ત્યારે જેટલું ઊંઘવું હોય એટલું આંબાની ડાળે કે લીંબડાની ડાળે જે ડાળ મળે ત્યાં બેસીને પ્રેમથી ઊંઘજો પણ અહીં ધ્યાનથી બરોબર સાંભળો કે તમે કોણ છો ? તમારું ખરું સ્વરૂપ શું છે ? એ જાણવાને બદલે આખો દિ' **'वित्त मोहेन मूढे ।'** કેવળ પૈસાના મોહમાં મૂઢ થઈને જીવો રહે છે 'હું કોણ છું ?' એ જાણતા નથી. કેમ કે-

**'જ્ઞાનેન હિ ના પશુભી સમાના ।'**
**'વિદ્યા વિહિનઃ પશુઃ ।'**

**येषां न विद्या न तपो न दानं ।**
**ज्ञानं न शीलं न गुणो न धर्मः ।**
**ते मृत्यु लोके भूवि भार भूता ।**
**मनुष्य रूपेण मृगा स्वरन्ति ॥**

જે લોકોની પાસે વિદ્યા નથી એ લોકો મનુષ્યના રૂપમાં હોવા છતાં મૃગલા સમાન છે. એટલા માટે અહીં કહે છે કે અવિદ્યામાં રહેવાવાળા જીવો મૂઢ થયેલા જીવો, બાળ બુદ્ધિના જીવો એ લોકોને પરલોક એટલે 'આત્મા છે' એમ દેખાતું નથી એટલે એ લોકો (આત્મા) નથી એમ કહે છે યાદ રહ્યું ? બોલો ? એટલે

**वित्तमोहेन मूढम् ।**
**अयं लोको नास्ति पर इति मानी**

એવા લોકો એમ બોલે કે આલોક જ છે. પરલોક કંઈ છે જ નહીં એવું માનવા વાળા લોકોની શી ગતિ થાય ? તે કહે છે-

**पुनः पुनर्वशमापद्यते मे ।**

યમરાજા કહે છે કે એ વારંવાર મારા હાથમાં

આવે છે. હું વારંવાર એને ડંડા મારું છું તોય પાછો ત્યાં ને ત્યાં...

**જેમ કુકકર માથે માર પડે,**
**તોય આવીને ઊભું દ્વાર ખડે;**
**ફળ દેખીને મરકટ ઝાડ ચડે;**
**મન માને નહીં (૨),**
**સો ફેરા સમજાવું તોયે શું થાય,**
**જો જુગતી પ્રસવનું દુઃખ જાણે,**
**તો મિથ્યા સુખને શીદ માણે,**
**ગયો અવસર ઉરમાં નવ આણે;**
**મન માને નહી...**
**કહે પ્રીતમ પ્રપંચ પરહરતા,**
**શુદ્ધ ભાવે પ્રભુ સ્મરણ કરતાં;**
**કાંઈ વાર નથી ભવજળ તરતાં;**
**મન માને નહીં...**
**ખલ કઠણ કઠોર (૨),**
**ચંચલ ચોર ચપલ ચિત્ત ચૌદિશ ધાય.**
**મન ભૂતતણી પેરે ભમતું,**
**ચાલે માયાની સંગે રમતું;**
**એને પ્રભુ ભજવાનું નથી ગમતું;**
**મન માને નહીં...**

(પ્રીતમદાસજી)

તો વારંવાર મનને સમજાવે છતાં મન માને નહીં તો સમજવું કે એ કુટીલ છે અને ખલ છે. કેમ કે એને ગમે એટલું સમજાવો તોય માનતું નથી. સરળ મન હોય સુંદર સ્વભાવ હોય તો જીવ પરમાત્માનો લાભ લે છે. જયાં સુધી સ્વભાવ સારો ન થાય મન સારું ન થાય વિચારો સારા ન થાય સંગ સારો ન થાય ત્યાં સુધી જીવ કલ્યાણનો ભાગીદાર થતો નથી. એટલે સારો સંગ રાખવો સારો સ્વભાવ કરવો મનને પવિત્ર નિર્મળ ભાવવાળું રાખવું જો દિવ્ય આદર્શ જીવનમાં હશે-

**આદર્શ નર જીવન, તુમ્હે ઊંચા ઊઠાયેગા,**
**જૈસા કરોગે વૈસા હી, ફલ આગે આયેગા,**
**બોવો ગે જૈસા બીજ, તરૂ વૈસા લહરાયેગા,**
**જૈસા કરોગે હી વૈસા, ફલ આગે આયેગા.**

તો ખાસ કરીને નચિકેતાને યમરાજાએ કહ્યું કે **नास्ति** કહેવાવાળા કોણ છે ? કે જે અવિદ્યામાં રમણ કરવાવાળા છે. પૈસાના મોહમાં મૂઢ થયા છે જે બાળ બુદ્ધિના અજ્ઞાની જીવો છે એવા જીવોને પરલોકની ખબર પડતી નથી એટલે આત્મા નથી એવું સમજે છે. એટલે વારંવાર જન્મે છે ને વારંવાર મરે છે. તો જે નથી (પરમાત્મા) એમ સમજવા વાળા બાળ બુદ્ધિના છે એમ સમજવું એટલે વિદેશમાં જાવ તો બસ ખાઓ-પીવો ને મજા કરો. એ સિવાય બીજું કંઈ મળે નહીં કેમ કે સમજે કે મર્યા પછી આપણું શું થશે ? એ (અજ્ઞાનીને) બીચારાને કોઈ ખબર હોતી નથી. એટલા માટે (એ લોકો) ખાય-પીને મજા કરો. અહીં ને અહીં મજા કરો. આગળ-પાછળ કાંઈ છે નહીં. એવા જીવો અજ્ઞાની છે, કેમ કે એને આગળ-પાછળ (એટલે આત્માની) ખબર નથી. એટલે હવે આગળ કહે છે.

**श्रवणायापि बहुभिर्यो न लभ्यः**
**श्रृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।**
**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा–**
**ऽऽश्चर्यो ज्ञाता कुशलानुंशिष्टः ॥७॥**

॥१-२-७॥

**'श्रवनायापि बहुभिर्यो न लभ्यः'** કે બહુ લોકોને તો આત્માનું જ્ઞાન સાંભળવાનું પણ મળતું નથી. નો સ્કૂલમાં સંભળાય, નો મા-બાપ સંભળાવે, નો કાય રાજનીતિમાં સભામાં સંભળાય કેમ કે એવી સભામાંજાય એવી સ્કૂલોમાં જાય ને એવા મા-બાપ ઘરે હોય, યાદ આવ્યું ? બોલો ? ....ને એવા ગામમાં હોય જયાં કોઈ આત્માનું જ્ઞાન દેવા વાળું કોઈ દિ...એટલે આખો દિ' ખાય-પીને મજા કરો એટલા માટે

**ખાના પીના સો જાના, સબ કર્મ હે પશુ સમાના**

તો દેશના ઘણાંય ગામોમાં ઘણાય માણસોને ઘણાં કુટુંબોમાં આત્માનું જ્ઞાન સાંભળવાનું પણ મળતું નથી કેમ કે એને આ કરો ને આ કરો ને આ કરો આવે છે. પણ આત્મા શું કહેવાય ને પરમાત્મા શું કહેવાય ? એ જીવને સમજવા, સાંભળવા પણ મળતું નથી. તો સાંભળવા નો મળે તો સમજવા મળે ? બોલો ? નકર સાંભળવા મળે તો કયારેક વે'લું મોડું સમજાય. એટલે કહે છે કે **'श्रवणायापि बहुभिर्यो न लभ्यः'** ઘણાં લોકોને સાંભળવાનું પણ નથી મળતું અને **'श्रृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।'** કે ઘણાં સાંભળવા છતાં એને સમજી શકતા નથી. સાંભળે છે. હા, હા કરે છે પણ તોય પાછા કોરા ને કોરા. કેમ કે અંદર (દ્રષ્ટિ) વૃતિ નથી કરતાં. બહારથી જ જોયા કરે કે હું તો પટેલ છું ને બ્રાહ્મણ છું ને ક્ષત્રિય છું ને આવો છું ને તે છું આખો દિ' દેહ દ્રષ્ટિ જાતિને વર્ણાશ્રમમાં પડયા રહે છે.

**મંદજન એ મર્મ ન સમજે, વર્ણાશ્રમની આડ્ય રે;**
**ત્રિગુણમાં તાણ્યો ફરે રે, બાંધી જીવપણાની જાડ્ય;**
**વારી જાઊં વારણે.**

(અખાભક્ત)

**ક્રમશ...**

# ચેતનમાં પ્રેમ કરો

રજુ. રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

પરમ આદરણીય પરમ કૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ભાવનગર મૂકામે શ્રી માધવાનંદ આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન...

પરમ કૃપાળુ પરબ્રહ્મ પરમાત્માની મહતિ અનુકંપાથી સત્સંગનો લાભ લઈ રહ્યા છીએ. સત્સંગથી શું  લાભ ? સત્સંગમાં જવાની ઈચ્છા થતી નથી તેનું કારણ ? સત્સંગનું મહાત્મ્ય સમજાવતા શાસ્ત્રકારો કહે છે.

**''એક ઘડી આધી ઘડી, આધી મે પૂનીયાત્,**
**તુલસી સંગત સાધુ કી કટે કોટી અપરાધ.''**

કહે છે સત્સંગની અડધીની પણ અડધી ઘડી જો મળે તો કરોડો અપરાધ કપાઈ જાય છે નષ્ટ થઈ જાય છે. અપરાધ એટલે ભૂલ. આપણે ભૂલ કરી છે તેને લઈને જ આ બધી માથાકૂટ છે તો ભૂલ કઈ કરી આપણે ? અધ્યાસ.

અધ્યાસ એટલે બ્રહ્મસૂત્રના ભાષ્યમાં કહે છે જેમ સમજો, એક સ્ફટીકનો ગોળો ટેબલ ઉપર પડયો છે તેની પાસે સામે જ એક લાલ રંગનું જાસૂદનું ફુલ પડેલ છે તો જેમ એક સ્ફટીકના ગોળામાં જાસૂદના ફુલનો લાલ કલર દેખાય છે તો લાલ જે ધર્મ છે એ કોનો ધર્મ છે ? એ જાસૂદનો છે. જાસૂદના ફૂલના લાલ કલરને લીધે ગોળો લાલ દેખાય છે. ગોળો પોતે લાલ નથી. આમ ગોળાને લાલ માની લેવો તે ભૂલ છે. આમ એકનો ધર્મ બીજામાં માનવો તેનું નામ છે અધ્યાસ.

શરીરનો સ્વભાવ છે મરવાનો, શરીર મૃત્યુ પામે છે. આત્મા અમર છે. પણ હું મરી જઈશ તો મરવાનો ધર્મ આત્મામાં જોડયો અને અધ્યાસ કરી આપણે આખો દિવસ "હું" "હું" શરીરને કરીએ છીએ. પણ "હું આત્મા છું" છતાં "હું શરીર છું" એમ માનીએ છીએ. એમ શરીરનો મરવાનો ધર્મ આત્મામાં માનીએ છીએ. તો તેનું નામ જ અધ્યાસ કહેવાય.

એક ભૂલને લીધે આગળ નવ્વાણુ ભૂલ થાય. જેમ એક વખત ખોટું બોલો તો તેને છૂપાવવા કેટલીય વાર ખોટું બોલવું પડે ? દુઃખી થવું પડે.

એના માટે જેવું છે એવું માનવું કેમ કે હું શુધ્ધ બુધ્ધ આત્મા છું.

**''મનોબુદ્ધયહંકાર ચિત્તાનિનાહં**
**ન ચ શ્રોત્રજિહ્વે ન ચ ઘ્રાણ નેત્રે,**
**ન ચ વ્યોમભૂમિ ર્ન તેજો ર્ન વાયુ**
**ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ॥''**

હું મન નથી, બુધ્ધિ નથી, ચિત્ત નથી, અહંકાર નથી. પાંચ જ્ઞાનેન્દ્રિય પણ હું નથી આંખ, કાન પણ હું નથી. આંખ જોતી નથી પણ આંખ વડે જુએ છે એ જો ચેતન નીકળી જાય તો શું જૂએ ? પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ પાંચભૂત પણ હું નથી. તો હું છું કોણ ?

**''હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું.''**
**''ચિદાનંદ રુપો શિવોહં શિવોહં''**

**अहं निर्विकल्पो निराकार रुपो**
**विभूर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणम्**

મારે બંધન પણ નથી મારે મુક્તિ પણ નથી. જેને બંધન હોય તેને મુક્ત થવાની મહેનત કરવી પડે. જેને હાથકડી લાગી હોય તેને છૂટવા માટે મહેનત કરવી પડે પણ હાથકડી લાગી જ નથી તો ! તેમ આત્મા તો મુક્ત છે સર્વ વ્યાપક છે તેને દેહથી અલગ રાખીએ કાંઈ બંધન નથી. આત્મા તો મુક્ત છે અને શરીર છૂટયા પછી પણ આત્મા મુક્ત છે પણ શરીર, આસક્તિને લઈને શરીરની વાસનામાં પડે તો વાસનાને લીધે બીજે જન્મવું પડે છે. (શરીરમાં જન્મવું પડે છે.) પણ જો જીવને સત્સંગ થયો હોય, સદ્ગુરૂનું શરણું લીધું હોય તો જ્ઞાન થાય અને જાણી શકે.

**''બાળી ભસ્મ કરે બીજી વાસના,**
**ઉર પ્રગટે છે પ્રેમ અપાર બ્રહ્મરસ પીજીએ...''**

જો વાસના બળી જાય અને એ વાસના બળે શેનાથી ? જ્ઞાનથી કારણ કે જીવને વાસનાને લઈને જ સંસારમાં આવવું પડે છે. રામચંદ્ર ભગવાને ગુરૂ વશિષ્ઠને પૂછેલું કે સંસાર કોનું નામ ? ત્યારે વશિષ્ઠ ગુરૂએ રામને કહ્યું કે હે રામ, વાસના એ જ સંસાર છે. જો એ વાસના ન હોય તો સંસારમાં આવવું પડતું નથી. જો કૂતરામાં આસક્તિ થાય તો કૂતરુ થાય. ધનમાં આસક્તિ રહી જાય તો સર્પ થાય.

એક ધનિક શેઠ હતાં. તેને મરતી વખતે ધનમાં

આસક્તિ રહી ગઈ હતી તેથી તે મર્યા પછી સર્પ થયા. અને જયાં ધન દાટયું હતું ત્યાં સર્પ થઈને ફર્યા કરે. એક દિવસ તેના જ ઘરમાં ઘરના લોકોએ તેને સાપ હતો એટલે સાપ જાણી મારી નાખ્યો. તો વળી અધૂરી વાસનાને લીધે કૂતરું થયા. આમ અનેક જન્મ વાસનાને લીધે લેવા પડે છે. એટલે વાસના ન રહે તે માટે જ્ઞાન લેવું જોઈએ.

ખેતરમાં બોરડી ઉગી હોય તો તેને ઉપરથી કાપવાથી તે નષ્ટ ન થાય પણ જો બોરડી કાઢવી હોય તો બે ફૂટ ઉંડેથી મૂળથી કાઢવી પડે.

એમ વાસનાના મૂળ ન બળે ત્યાં સુધી જન્મ મરણના ચક્કરમાંથી છૂટાતુ નથી. માટે સત્સંગ વડે જ્ઞાન લઈને વાસનાનું મૂળ બાળી શકાય છે. વાસના નષ્ટ થાય છે.

બુધ્ધિની અંદર વાર વાર જ્ઞાન દ્રઢ થાય તો વાસના બળી જાય. જેમ પથ્થર સાથે વારંવાર દોરી ઘસાય તો પથ્થર ઘસાઈ જાય. એમ ધીરે ધીરે સત્સંગથી વિવેક થાય, વિવેકથી વૈરાગ્ય અને અંતે ષટ્ સંપત્તિ સંપન્ન થઈ મોક્ષ તરફ વધી શકાય. મોક્ષના ચાર દ્વારપાળ છે.

સત્સંગ કયો લાભ ન આપે ? જે જોઈએ તે બધા લાભ મળી શકે. શાસ્ત્રકારો કહે છે સત્સંગ પ્રાપ્ત થાય તો બુધ્ધિની જડતા દૂર થાય. બુધ્ધિથી જડને (શરીરને) હું માનવું અને જડને મારું માનવું તે અજ્ઞાન છે આજે તમે જૂઓ જેટલો પ્રેમ જડમાં છે એટલો ચેતનમાં પ્રેમ નથી. તો સારું શું ? જડમાં પ્રેમ સારો કે ચેતનમાં પ્રેમ સારો ? અને કયાં પ્રેમ કરીએ છીએ ? પૂત્ર ચેતન ધન છે અને ધન છે એ જડ છે. શેમાં પ્રેમ કરીએ છીએ ? ધનમાં પ્રેમ કરીએ છીએ. શાસ્ત્રકારો કહે છે ધન ઓછું હોય પણ ચેતનરૂપી થોડું હશે તો સારું થશે. જડ ધન પાણીનો ગ્લાસ ભરી દે ? ના. પણ ચેતન (પુત્ર રૂપી ધન) રૂપી ધન પાણીનો ગ્લાસ ભરી દે. તો સુખ ચેતન દ્વારા જ મળે. જો શરીરમાં ચેતન તત્ત્વ નથી તો સુખ ન મળે. જયાં સુધી ચેતન શરીર છે ત્યાં સુધી ચેતન સુખ મળે છે પણ જેટલો જડમાં પ્રેમ કરીએ છીએ એટલો ચેતનમાં પ્રેમ થતો નથી.

શ્રીમદ્ ભાગવતમાં ચોવીસ અવતારમાં, એક અવતારમાં કપિલમુની ભગવાનનો અવતાર છે તે માતા દેવહૂતીને સમજાવે છે જે ચેતનને છોડી જડની પાછળ જાય છે તે ભસ્મ સમાન છે. ભસ્મમાં ઘી હોમવાથી કાંઈ લાભ નથી.

સમજો, ઘરની માતા છે એ ચેતન છે અને મંદિરની માતા મૂર્તીરૂપ છે. પહેલા ઘરની માતાને રાજી કરો પછી મંદિર જાઓ તો તે સાર્થક છે. મંદિરની મૂર્તીને ભોગ ધરાવવા જાવ છો અને ઘરની માતા ભૂખે મરતી હોય તો તે ભોગ નિરર્થક છે. તેમ ચેતન છોડી જડમાં જવું નકામું છે મંદિરમાં પરમાત્મા છે એ જ પરમાત્મા માતા, પિતામાં છે. માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવઃ વેદો કહે છે મંદિરમાં સ્થિર પ્રતિમા છે તે પણ પરમાત્માનું સ્વરૂપ છે એ જ વેદો કહે છે માતૃ, પિતૃ, અતિથી દેવ ભવઃ તો પ્રશ્ન થાય કે સાચું શું ? ઘરમાં દેવ છે તેમાં કોણે ચેતન મૂકયું ? અને મંદિરમાં દેવ છે એમાં કોણે ચેતન મૂક્યું ? તે મૂર્તીમાં આકાર બનાવી પછી મૂર્તી મંદિરમાં પધરાવી પછી મૂર્તીમાં પ્રાણ પ્રતિષ્ઠા થાય. મંદિરની મૂર્તીમાં પ્રાણ ભૂદેવે (મનુષ્યએ) પૂર્યા જયારે ઘરની માતામાં પ્રાણ કોણે પૂર્યા ? પરમાત્માએ પૂર્યા. તેમ આગળ પુત્રને પ્રેમ કરો છો કે પૂત્રના આત્માને ઘરે બાળકને પુત્રને હિંચકો ન નાંખે અને મંદિરમાં ભગવાનને હિંચકો નાખવા લાઈનમાં ઊભા રહે. પાછી ગીર્દી હોય તો પાછળ વાળાને કોણી મારતા જાય. તો પાછળ વાળા, તેમજ ઘરે બાળક છે તેમાં પણ પરમાત્મા ચેતનરૂપે રહેલા છે. તો એમ કહે છે ચેતનમાં પ્રેમ કરો જડમાં નહિં.

બુધ્ધિની જડતા જો દૂર થાય તો હું ચેતન આત્મા છું એવું સમજાય અને ચેતનને પ્રેમ કરો.

આત્માને આત્માથી પ્રેમ કરો તો રડવું નથી પડતું. પણ શરીરથી શરીરને પ્રેમ કરો તો રડવું પડે છે દુઃખ થાય છે. શરીરમાં સુખ નથી. આત્મામાં સુખ છે. શરીરમાં તો વિષયને લીધે સુખ લાગે છે જેવી અંતઃકરણની વૃત્તિ તેવા વિષય સુખ લાગે છે.

જેમ કૂવાનું પાણી કૂવામાં હોય તો કૂવા જેવો આકારમાં હોય પછી કોશમાં આવે તો કોશ જેવું થાય અને પછી થાળામાં આવે તો થાળા જેવો આકાર ધારણ કરે. તેમ જેવો વિષયનો આકાર તેવી અંતઃકરણની વૃત્તિ થાય. અંતઃકરણની વૃત્તિ અને વિષયની વૃત્તિ તંદાકારકારીત બને ત્યારે ચિદાભ્યાસ (ચેતનનો આભાસ) થાય. આપણે પોતાના ચૈતન્યનું

આત્માનું સુખ છે તેને વિષયની અંદર સુખ સમજવા લાગીએ છીએ. વિષયમાં સુખ છે નહિં, હતું નહિં અને મળશે નહિં. તે આભાસ છે. કેવલ ભ્રાંતી છે.

**''સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવુ,**
**તેને તુચ્છ ગણી ફરીએ રે મોહન પ્યારા.''**

જયાં સુધી ચેતનમાં પ્રેમ ન થાય ત્યાં સુધી આત્મા અને પરમાત્માનું કોઈ સુખ ન મળે. એને માટે સત્સંગના માધ્યમથી બુધ્ધિની જડતા દૂર થાય અને ચેતનને હું માને (આત્માને હું માને) અને દેહને (શરીરને) જડ માને ત્યારે સુખ મળે. બુધ્ધિથી દેહને (શરીરને) આત્મા માનવો તે કરોડો ગાયના વધ પ્રમાણ છે. બુધ્ધિથી દેહને આત્મા માનવો અને દેહને હું માનવું એના જેવું કોઈ પાપ નથી અને બુધ્ધિથી આત્માને હું માનવું એના જેવું કોઈ પુણ્ય નથી.

સવારથી સાંજ સુધી શરીર માટે કરીએ છીએ પણ આત્માને માટે શું ? અડધી કલાક. એમાં મન કેટલું ભગવાનમાં રહે ? એક મિનિટ પણ ભગવાનમાં રહેતું નથી. પણ જો એક ક્ષણવાર પણ મન પરમાત્મામાં સ્થિર થઈ જાય તો તેનું કુળ પવિત્ર થઈ જાય. માતા કૃતકૃત્ય થઈ જાય. પૃથ્વી પવિત્ર થઈ જાય પણ જેનું ચિત્ત ક્ષણવાર પણ પરમાત્મામાં સ્થિર થાય તેનાથી આ થાય.

જેના હૃદયમાં પરમાત્મા છે. જે વિશ્વંભર છે એ બધાનો આત્મા છે એનું ક્ષણવાર પણ ચિંતન, સ્મરણ ન કર્યું તેનું જીવન નકામું છે. ડાકોરના, દ્વારકાના ઈશ અંતર્યામી છે પણ દ્વારકાધીશ કહો તો ગુજરાતનાં ઈશ ન થયા પણ વિશ્વંભર કહો તો આખા વિશ્વના ઈશ થયા. તે પોતાના (જીવના) હૃદયમાં જ રહેલાં છે. અંતર્યામી છે જે જીવ એને સંભારે નહિ, તેનું સ્મરણ ન કરે તેનું આયુષ્ય નકામું છે.

તો એ પરમાત્મા સર્વવ્યાપક છે તેમાં પ્રેમ ન થાય તો જડતા દૂર થતી નથી એટલે કહે છે

**''દેહની મમતા દૂર કરીને આતમને ઓળખતો જા,**
**આવ્યો છે તું આ સંસારે જન્મ સફળ તું કરતો જા.''**

તો સત્સંગ દ્વારા બુધ્ધિની જડતા દૂર થાય અને ચેતનવંતી બને એ એક લાભ અને બીજો લાભ વાણી સાચી બોલતી થાય.

જો સત્સંગનો એક શબ્દ પણ મનમાં ઉતરી જાય તો જીવનનો બેડો પાર થઈ જાય.

**''સંતના શબ્દ સવા સવા લાખના રે,**
**સંતના શબ્દે રહે વિશ્વાસ...''**

તો આપણી જીવનનૈયા દુઃખરૂપી સંસાર સાગરથી પાર ઉતરી સુખરૂપી પરમાત્મામાં સ્થિર થઈ જાય છે.

## ખેડુત અન્નદાતા

**ગોરધનભાઈ જે. ગાબાણી**
**પીપળીયા**

ભૂમિના આધારે પેટનું પાલન કરનાર ખેડુત હોય છે. એટલે સમાજમાં તેને શ્રેષ્ઠ સ્થાન મળવું જોઈએ. શિક્ષિત લોકો જ સારા ખેડુત થઈ શકે છે.

પરમેશ્વર દરેક પ્રાણીનો જન્મ થતાં પહેલાં પેટ ભરવાની વ્યવસ્થા કરી દે છે. સૌથી પહેલાં તો તેની માતાનું મળે છે. જીવનપર્યંત માનવીઓનાં પેટ ભરવા માટે અન્ન પેદા કરવા ભગવાને ખેડુતને પોતાના પ્રતિનિધિના રૂપમાં નિયુકત કરી રાખ્યો છે. આ ખેડુત જ આપણા અન્નદાતા પરમેશ્વર છે. તેવો ફકત ઘઉં ચણા, ચોખા, દાળની જ પેદાશ કરતા નથી પણ જાતજાતનાં પૌષ્ટિક ફળ, વનસ્પતિ, ઔષધિઓ, જડીબુટ્ટીઓ પણ ઉત્પન્ન કરે છે. તેઓના શ્રમથી પશુઓને યોગ્ય આહાર મળે છે અને આપણે માટે ઘી, દૂધની નદીઓ વહેવડાવે છે. ખેડુત જ પોતાના તપ અને સાધનાથી આપણા માટે અન્ન, ફળ, ઔષધિ, જળ, વાયુ, પશુધન અને સુખસંપત્તિની સહાય ધરતીમાતા પાસેથી મેળવે છે. તે આપણી પ્રાણશકિત છે. જીવનનો આધાર છે. પ્રજાપાલક છે. તેનું સ્થાન કોઈ પણ રૂપમાં ભગવાનથી ઓછું નથી. તેના સહયોગ વગર. સંસારનું કોઈ પણ કામ થઈ શકતું નથી.

"ભુખે ભજન ન હોય ગોપાલા"

આ ખેડુતને સમાજમાં સર્વશ્રેષ્ઠ સ્થાન મળવું જોઈએ. રાજા જનકે જાતે ખેતરમાં હળ ચલાવી ખેડુતની ગરિમાને આગળ લાવ્યા. પણ આજની વ્યવસ્થામાં સૌથી વધુ શોષણ ખેડુતનું જ થઈ રહ્યું છે. રાજનેતા, અધિકારી, વેપારી વગેરે સંસારની બધી સુખસગવડોને પોતાના જ કબજામાં રાખવા પ્રયત્ન કરે છે અને ભારે મહેનત કરવા છતાં ખેડુત જાતે પોતાનું પેટ પણ ભરી શકતો નથી. આ બધું શા માટે

થઈ રહ્યું છે? શું આપણે મર્યાદાઓનું, નાગરિક કર્તવ્યોનું પાલન કરવામાં અનિચ્છા પ્રદર્શિત કરીએ છીએ? સાચું તો એ છે કે આજે આપણા વિચારો ખરાબ થઈ ગયા છે. સ્વાર્થ, માયા, મોહ, લોભ વગેરેના પડદાની આડશમાં આપણને કશું દેખાતું નથી.

બ્રાહ્મણ જાતે જ સ્વાર્થમાં આંધળા થઈને પતિત થઈ ગયા છે. તે સમાજને જાગૃત કરીને કર્તવ્યનિષ્ઠ બનાવવાની મહત્તમ જવાબદારીને ભુલી ગયા છે. તેનાથી ખેડુતની પણ દુર્દશા થઈ રહી છે. તે પણ ચારેબાજુ રહેલાં ભૌતિક સાધનોની પ્રાપ્તિથી ભ્રમિત થઈને તેના પાછળની આંધળી દોટમાં સામેલ થવાની લાલસા રાખતા થઈ ગયા છે. તે બીજાની દેખાદેખીથી શ્રમ તરફથી વિમુખ થવા લાગ્યા છે. તે પોતાના વિવેકનો ઉપયોગ યોગ્ય રીતે કરતા નથી. જેનાથી તેના શરીર, મન અને બુદ્ધિની સક્રિયતા અને પ્રખરતામાં ખોટ થવા લાગી છે. પોતાનું ખોટું ચિંતન અને વિચાર વગરના નિર્ણયોને લીધે તેઓને દરેક રીતે નુકશાન, નિરાશા અને હતાશાનો સામાનો કરવો પડે છે. આનું મુળ કારણ છે ખેડુતોમાં શિક્ષણનો અભાવ. એકબીજાને સહકાર આપવો. તેઓના અનુભવનો લાભ ઉઠાવવો અને પ્રાકૃતિક સાધનોનો સમુહમાં સદ્‌ઉપયોગ કરવો વગેરે ઉત્તમ ખેતીના મુખ્ય આધારો છે. વરસાદના પાણીને વ્યર્થ રીતે બરબાદ થતું અટકાવીને અને તેનો યોગ્ય રીતે સંગ્રહ કરીને ધરતીને લીલીછમ રાખવા માટે ઉપયોગ કરવો જરૂર છે.

બ્રાહ્મણોનું અને વિદ્વાનોનું આ કર્તવ્ય છે કે તેઓ ખેડુતોને યોગ્ય માર્ગદર્શન આપે.

## વ્યસન મુકિત

વાઘાણી સંગીતાબેન શરદભાઈ
(ઘાંઘળી)

**(રાગઃ- આંબો અખંડ ભુવનથી ઉતર્યો)**

માવો પાપ ખુલતાને કરવા આવિયો....
ગલ્લા કેદી ન માવા ના શેવાસ સમજીને,
માવા છોડજો....
માવે કેન્સરના બીજ વાવીયા
હતો નસવાડીક દેશમાં વાસ, સમજીને,
માવા છોડજો....
માવે જુવાનીના લોહી ચુસિયા
નબળા મન માવાના રખેવાળ, સમજીને,
માવા છોડજો....
માવો પુત્રપિતાા એ અનુભવ્યો,
તેને રડનારી છે સાસુ વહુ, સમજીને,
માવા છોડજો....
બીજા દેશથી ચાર વસ્તુ લાવીયા,
તેની ગામડે કીધી ઘેરે જાણ, સમજીને,
માવા છોડજો....
વેપારી એ ચાર વસ્તુ ભેગી કરી,
તેના પાર્સલ પાડયા છે નામ, સમજીને,
માવા છોડજો....
જથ્થાબંધ માવાના ગલ્લા થયા,
ત્રણસો પાત્રીસ ઉધાર માવા ખાય, સમજીને,
માવા છોડજો....
અઢાર વર્ષે અઢાર હજાર ખર્ચ થશે,
ચુંકશો વૈકુંઠ જેવું ધામ, સમજીને,
માવા છોડજો....
અલ્પ ચાંદુ પાડીને માંદા પડશે,
એની સગામા થાશે રે જાણ, સમજીને,
માવા છોડજો....
તેતાલીસ જાતના ગુટખા ખાય લીધા,
ડોકટર કેશે કે આ માવાના ફળ, સમજીને,
માવા છોડજો....
એ ફળ યમદુતો આવી લઈ જાશે,
તેનું કુંટુંબ કરે કકળાટ, સમજીને,
માવા છોડજો....
તે ફળ યમપુરીમાં લઈ આવીયા,
આ તો યમરાજાના બેય અધીકાર, સમજીને,
માવા છોડજો....
સાત દિવસમાં વિધિ પૂર્ણ કરે,
જય શ્રી સચ્ચિદાનંદ બોલશે રે નામ, સમજીને
માવા છોડજો....
માવો ખાય ચોળે અને ખવરાવે,
તેનો નર્ક માં દાઘો સે વાસ, સમજીને,
માવા છોડજો....

# કર્મની ગતિ

રજુ. રણછોડભાઈ ધનજીભાઈ સાસપરા
(અઘેવાડા)

॥ જય સચ્ચિદાનંદ ॥

કર્મની ગતિ ગહન છે. કર્મની ઈચ્છા રહીત કર્મ કરે છે. તો પણ કર્મનું ફળ મળે છે. કર્મ ઈચ્છાથી કરે તો તે ફળ મળવાનું છે. એક ભરવાડ હતો. (ગોવાળ) તે ગોવાળ ગાયો ચરાવવા જાય છે. તેમાં તેની એક ગાય એક પથ્થર ઉપર જાય એટલે તુરત તેનું દૂધ જાતે પથ્થર ઉપર પડી જાય છે. ભરવાડ સાંજે ગાયોને લઈને ઘરે જાય છે. દૂધ દોહવા બેસે છે. તો એ ગાયના આંચળ ખાલી હોય છે. ગોવાળ બીજા દિવસે જે ખાલી આંચળવાળી ગાયનું ખાસ ધ્યાન રાખ્યું બીજા દિવસે તે ગાય ચરતી ચરતી પેલા પથ્થર ઉપર ચાલી એટલે તુરંત ગાયના આંચળમાંથી દૂધ વહેવા લાગ્યું એટલે ગોવાળે બીજા ગોવાળોને બોલાવ્યાને કહ્યું કે મારી ગાય પથ્થર ઉપર જતા દૂધ જાતે વહેવા લાગે છે. ત્યારે ગોવાળોમાંથી એક ગોવાળે કહ્યું કે શીવલીંગ છે. ગોવાળોએ શીવલીંગને બેસાડીને તેની પૂજા કરવા લાગ્યા પેલો ગોવાળ શીવ મહીમાં જાણવા માટે પૂંજારીને ત્યાં ગયો અને પૂજારીએ શીવપૂજનની વિધિ બતાવી. તે એક કમળ પૂજાનું વિધાન બતાવ્યું તે એક કમળ પૂજા એટલે પોતાનું મસ્તક શીવલીંગ ઉપર ચઢાવવામાં આવે તેને કમળ પૂજા કહેવાય. કમળ પૂજા કરે તેને ઈચ્છા પ્રમાણે શીવ ફળ આપે છે. જે પૂર્વ જન્મમાં જે બનવું હોય તે બનાવસે ત્યારે ગોવાળને થયું કે મારે તો રાજા થવું છે. રાજાને કેટલું બધું સુખ મળે છે. માટે તો રોજ ગાયો પાછળ પાછળ ફરવાનું. આના કરતા રાજા થવાય તેમાં સારું ગોવાળ તલવાર લઈને શીવલીંગ ઉપર પોતાનું મસ્તક એક ઝટકો મારી અલગ કરી દીધું. ગોવાળનું મસ્તક શીવ ઉપર પડી ઝાડીમાં પડી રહયું સમય જતા તે ગોવાળ એક રાજાને ત્યાં જન્મ ધારણ કર્યો તે રાજા જામનગર સ્ટેટના રાજા બન્યા. રાજાને માથાનો દુઃખાવો બહું થાય. રાજાને બહું જ દવા કરાવી પણ માથું દુખતું મટતું જ નહીં. રાજા માથાના દુખાવાથી દુઃખી હતા. તેના રાજમાં એક પંડિત હતા તે જયોતિષ જાણતાં હતાં. તે પંડિત બોલાવવા માટે રાજાએ તેમના દૂત મોકલાવ્યા. પંડિતને ઘરે જઈને કહેવામાં આવ્યું કે તમને રાજા બોલાવે છે. પંડિત પૂછે કેટલું રોકાણ થશે. ત્યારે દૂત કહે છે. ત્રણ દિવસ થશે. પંડિતનું ગામ દૂર હતું એક દિવસ આવતા અને એક દિવસ જતા. રોકાણ ત્રણ દિવસ થશે. તેણે તેની પત્નીને કહ્યું સાંભળ્યું ? હું રાજાને ત્યાં જાઉં છું તો ત્રણ દિવસનું રોકાણ છે. એટલે તેની પત્ની અંદરથી ચંપલ લઈને બહાર આવી અને પંડિતને માથા ઉપર (૨૧) એકવીસ વાર ચંપલ માર્યા અને પછી પંડિત કહે છે. ચાલો આપણે હવે જઈએ. પંડિત તો રાજાને ત્યાં આવ્યા અને રાજાની જન્મ કુંડળી જોઈને રાજાનું ભવિષ્ય જોયુંને કહ્યું કે રાજા તમે પૂર્વ જન્મમાં એક ભરવાડ હતાં અને તમે કમળ પૂજા કરેલી અને તમારું મસ્તક એક ઝાડીમાં પડયું છે અને તે મસ્તકમાં એક મૂળ ખોપરી ખૂચે છે. એટલે તમને માથું દુઃખે છે. તો પછી રાજા અને પંડિત રાજાના માણસોએ જયાં કમળ પૂજા કરેલી ત્યાં ગયા અને ઝાડીમાંથી મસ્તક શોધીને તેની ખોપરીમાંથી મૂળ દૂર કરીને પાછા આવ્યા ને તે ઝાડીવાળા મહાદેવ ઝાડેશ્વર તરીકે પૂજાયા અને રાજાનું દુઃખ દૂર થયું પછી રાજાને દૂતે કહ્યું. રાજા આ પંડિત બહુ જ દુઃખી છે. તેની પત્નીએ અમે આવ્યા ત્યારે એકવીસ ચંપલનો માર માર્યો છે. માટે રાજા પંડિતને પૂછયું પંડિત તમારી પત્ની તમને ચંપલ મારે છે. તેની હકીકત શું છે તે જણાવો ત્યારે પંડિત કહે છે. રાજા પૂર્વ જન્મમાં હું કાગડો હતો તે મારી પત્ની ઘોડી હતી ત્યારે તેની પીઠમાં ભાઠું પડેલું ત્યારે હું રોજ લોહી પીતો એટલે તે આ જન્મમાં તેનો બદલો લેશે. મને રોજે સાત ચંપલ મારે છે. માટે ત્રણ દિવસનું રોકાણ હોવાથી મને એકવીસ ચંપલ મારેલા. રાજાને પણ થયું કે પંડિત મારું દુઃખ દૂર કર્યુ તો મારે પણ તેનું દુઃખ દૂર કરવું છે. પંડિતને આરામ કરવાનું કહ્યું અને પંડિતનાં હાથમાંથી લોહી કઢાવી લીધું અને લોહીના લાડું બનાવીને એક પેટીમાં આપ્યા અને કહ્યું કે આ તમારી પત્નીને ખવડાવજો. દૂત પણ સાથે ગયા અને પંડિતની પત્નીને કહ્યું કે લાડું રાજાએ તમારા માટે મોકલાવ્યા છે. એ તમારે જ ખાવાનાં છે. તેને લાડું ખાધા પછી તરત જ વિચારવા લાગી કે હું મારા પતિને રોજ ચંપલ મારતી હું આવું પાપ કરતી હતી. તેને પંડિતને પગે પડી અને માફી માગી ત્યારે પંડિતે કહ્યું તમારું પૂર્વ જન્મનું લેણું હતું તે તમે લેતા હતા. આ સંસારમાં બધા જ જીવો એક બીજા લેણ દેણના હીસાબ કરે છે. સારું કરીએ તો સારું પામીએ. ખરાબ કરીએ તો ખરાબ પામીએ કોઈ કોઈને સુખી કરતા નથી. કોઈ કોઈ દુઃખી કરતા નથી. દરેક જીવ કર્મને આધીન સુખ અને દુઃખ ભોગવતા હોય છે.

## શ્રધ્ધાંજલી (ભજન)

રજુ. શર્મિષ્ટા ડી. કોશિયા
(ભાંભણ)

હે નાથ ! જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણ મળે સાચું તમારું એ હૃદયથી માગીએ,
એ જીવ આવ્યો આપ પાસે શરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૧)

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે,
લખ ચોરાશીના બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૨)

સુસંપતિ, સુવિચાર ને સત્કર્મનો લઈ વારસો,
જનમો જનમ સત્સંગથી કિરતાર પાર ઉતારજો,
આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૩)

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના, આશા ઉરે એવી નથી,
જો દેહ દુર્લભ માનવીનો, ભજન કરવા ભાવથી,
સાચું બતાવી સ્વરૂપ શ્રી ભગવાન હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૪)

સ્વામીજી તમારો આશરો માયા બિચારી શું કરે ?
વળી કાળ કર્મ કઠણ ભલે ભક્તથી એ તો ડરે,
સુખ દુઃખને સંપત વિપત પ્રારબ્ધ તવ ઈચ્છા હજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૫)

નાથ સુણજો પ્રાર્થના કરૂણા કરી ઉધ્ધારજો,
પાર્ષદ કરી પ્રભુ આપનો શરણે સેવકને રાખજો,
રાખી શરણમાં જીવને સેવક કરી અપનાવજો,
આ જીવને શરણે લઈ સેવા તમારી આપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૬)

દીધું હતું જીવન તમે સોપ્યું સજી શણગારીને,
નિર્મળ વિશુધ્ધ પવિત્ર રાખ્યું ટેક ધર્મની ધારીને,
સત્કર્મ સત્સંગ ભક્તિમાં વીત્યો સમય તે ધારજો,
આ જીવને શરણે લઈ સેવા તમારી આપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૭)
તવ ભજનમાં સંસારની કઈ વિટંમણા આવી હશે,
ધન ધાનને વ્યવહારમાં તવ મૂર્તિ ભૂલાઈ હશે,
અપરાધ ગણજો ક્ષમ્ય સઘળાં બિરૂદ તમારુ પાળજો,
આ જીવને શરણે લઈ સેવા તમારી આપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૮)

જે સચ્ચિદાનંદ રટે, તેના બધા પાતક બળે,
સત્સંગ અહોનિશ જે કરે, માયા તિમિર તેનું ટળે,
દર્શન કરે જે ભાવથી, ભવફંદ તેના કાપજો,
આ જીવને શરણે લઈ સેવા તમારી આપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૯)

તવ રાજીપો એ પરમપદ, ઈચ્છા બીજી કોઈ નથી,
પ્રગટ મળ્યા અખંડાનંદ સ્વામીજી,
પ્યારા અમારા પ્રાણથી,
હે કૃપાળુ માધવાનંદજી અમ અંતકાળ સુધારજો,
આ જીવને શરણે લઈ સેવા તમારી આપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...(૧૦)

## ભજન

આશાબેન એ. પટેલ
(ભાવનગર કાળીયાબીડ)

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે ઘડીયા...
ટાળ્યાં તે કોઈના નવ ટળે, રઘુનાથ ના જડિયા..
સુખ દુઃખ મનમાં ન આણિયે...
નળ રાજા સરખો નર નહી, જેની દમયંતી રાણી,
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યા અન્ન કે પાણી...
સુખ દુઃખ મનમાં ન આણિયે...
પાંચ પાંડવ સરખા બાંધવા, જેની દ્રોપદી રાણી..
બાર વર્ષ વનમાં ભમ્યા, નયને નિંદ્રા ન આણી...
સુખ દુઃખ મનમાં ન આણિયે...
સીતા સરખી સતી નહી, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી...
સુખ દુઃખ મનમાં ન આણિયે...
રાવણ સરખો રાજીયો, જેની મંદોદરી રાણી,
દસ મસ્તક છેદાઈ ગયા, બધી લંકા લુટાણી...
સુખ દુઃખ મનમાં ન આણિયે...
હરિચંદ્ર રાય સત વાહિયો, તારા લોચની રાણી,
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી...
સુખ દુઃખ મનમાં ન આણિયે...
સર્વેદેવને જવારે ભીડ પડી, સમર્યા અંતર્યામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈયાના સ્વામી...
સુખ દુઃખ મનમાં ન આણિયે...
- સંતરામ મંદિર
ઉમરેઠ

દેવીકાબેન જે. પટેલ
(ઓઝરાળા)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

સંત પુરાણીજી તીર્થરાજ પ્રયાગમાં શિવકથા કહે છે. ભગવાન મહાદેવની કથા કહે છે. સામે અસંખ્ય મહાત્માઓ કથા સાંભળે છે. જે માનવો ભગવાન મહાદેવની કથાનું શ્રવણ કરે તેમના દર્શનથી સર્વ તીર્થ યાત્રાનું ફળ મળે છે. ભગવાન વ્યાસજી પ્રારંભમાં બોલે છે. હે શ્રેષ્ઠ મહાત્માઓ મહાદેવની કથાનું ફળ મળે એનું શી રીતે વર્ણન કરું? દેવો તો ન કરી શકે પણ ખુદ મહાદેવ પણ કહે કે હું પણ કથાનું વર્ણન ન કરી શકું. રોજ એક અધ્યાયનો પાઠ કરવો એ ન થાય તો રોજ પાંચ શ્લોક પાંચ લીટી એમ ન થઈ શકે તો રોજનો એક શ્લોક કરવો અને એ ન થાય તો અડધો શ્લોક વાંચો. જે માણસ ભકિત સાથે વાંચે તેના પાપ નાશ થાય છે. એટલે કોઈપણ ધર્મશાસ્ત્રનું પારાયણ કરવું. તેથી ઋષિયજ્ઞ કરવવાનું ફળ મળે છે. મહાત્માઓનું પૂંજન કરવાનું ફળ મળે છે. શાસ્ત્રકારોએ આપણા માટે શાસ્ત્રો લખ્યા છે. આપણા ધર્મશાસ્ત્રો જીવન જીવતા શીખવે છે. જે માણસ ભણેલો નથી એ અભણ કહેવાય છે પણ સુત્રકારો કહે છે જે માણસ અક્ષર જ્ઞાનથી અભણ છે એમ નહી. પણ જેમની પાસે અક્ષરજ્ઞાન છે તે ધર્મશાસ્ત્ર વાંચતો નથી તે ખરેખર અભણ છે. વિત્ત સન્માન દાન અને વાતની સન્માન તાલી છે. જેમને વાંચતા આવડે છે તે કોઈ સારા શાસ્ત્રો વાંચતો નથી. એ ખરેખર અભણ છે. ભગવાનની કથામાં ત્રણ કલાક બેસવું એ તપ છે. રોજ ધર્મશાસ્ત્રનું પારાયણ કરો. ભગવાન વ્યાસ કથાના પ્રારંભમાં આ કહે છે. કોઈ માણસને સમય ન હોય તો માન સન્માન સાથે મહાદેવનું પૂંજન કરે. જે રોજ પૂંજન કરે તેને અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. એમાં કોઈ સંશય નથી. પારાયણ કે પૂંજા કરવાનો સમય ન મળે પણ કમ સે કમ દૂરથી શિવ ભગવાનને પ્રણામ કરો. સર્વ દેવીદેવતાઓનું પૂજા કરવાનું ફળ દર્શનથી મળે છે. દૂરથી મહાદેવને પગે લાગે તો પણ ફળ મળે છે. સારા મિત્રોની શોધ કરતા પહેલા સારા પુસ્તકોની શોધ કરવી. કોઈનો જન્મદિવસ કે લગ્નદિવસ હોય ત્યારે ભેટમાં કાચની મૂર્તિ આપીએ એના કરતાં સારા પુસ્તક આપો. જેથી કરીને બે શબ્દ વાંચે ને કંઈક જીવનમાં ઉતરે. જેના ઘરમાં સારા દસ પુસ્તક ન હોય તેના ઘરની દીકરી લેવી નહી અને તેના ઘરમાં દિકરી દેવી નહી. આજને માટે અને સદાયને માટે કોઈ શ્રેષ્ઠ હોય તો પુસ્તક છે. પુસ્તકનું મૂલ્ય રત્નો કરતાં વધારે છે. આમાંથી જીવન જીવવાની સારી વાતો કંઈક જાણવા મળશે.

ભગવાન મહાદેવનું પહેલું નામ શંભુ છે. મહાદેવ ખુદ સ્વયંભુ છે તેથી મહાદેવનું નામ શંભુ છે. ભગવાન વ્યાસ કહે છે કે હે જગતપિતા શંભુ તમને હું વંદન કરું છું. જગતમાતા પાર્વતિ તમને વંદન કરું છું. ગણેશ દેવને વંદન કરું છું. હે પરમાત્મા તમારા ગુણગાન એટલા માટે કરું છું કે તમારા ગુણગાન કરવાથી મારી વાણી પવિત્ર થાય અને અમારામાં થોડાગણા તમારા જેવા ગુણ ઉતરે એટલે ગુણગાન કરું છું. ભગવાનના ભકતો તો ભગવાન જેવા લાગે છે. મહાદેવ તમારો મહિમા ગાવાથી અમારો મહિમા વધે છે. ભગવાનનો મહિમા તો પહેલેથી ગવાતો આવ્યો છે. એમનો મહિમા તો છે જ. સૂર્ય તો સ્વયં પ્રકાશિત છે એને કોઈ માણસ પ્રકાશ આપી શકે નહિ. મહાત્માઓ એમ કહે છે કે ભગવાનનો મહિમા ગાવાથી ભગવાનનો મહિમા વધતો નથી પણ ગાનારનો મહિમા વધે છે. નરસિંહ, મીરાએ ગુણ ગાયા તેથી જગત તેમના ગુણગાન ગાય છે. પ્રભુ તમારા ગુણનો મહિમા કોણ ગાઈ શકે? મારી વાણી પવિત્ર કરવા માટે ગાઉં છું. એક એક શ્લોક આ લોકોને પાવન કરે છે. હે સંત તમે મહા ભાગ્યવાન છો. કથા કહે છે, સાંભળે છે તેને તો મહાભાગ્યવાન કહેવાય છે. જે મહાદેવની કથા સાંભળે છે એ માનવ વંદનીય છે. તેને દેવતાઓનું પૂંજન કરવાનું ફળ મળે છે. જે કથા સાંભળે છે તે માનવ મહાદેવના સ્વરૂપો છે. જેમ કોઈ ડૉકટર માટે દર્દી દેવ છે. વ્યાપારી માટે ગ્રાહક દેવ છે. એમ આ કથામાં આવે તે દેવ જ છે. એકલા તનથી ન થાય ધન પણ જોઈએ અને મનને લગાડવું જ પડે. પ્રભુને માર્ગે જે જાય એ મહાભાગ કહેવાય. આ જગતમાં પરમ કલ્યાણ કરનારી આ મહાદેવની કથા છે.

॥ જય સચ્ચિદાનંદ ॥

**હે પ્રભુ,**

મે તને સાચી ચીજ આપી, સારી ચીજ આપી પણ મને જે ચીજ સૌથી વધુ વહાલી હતી એ ન આપી. કયારેક મને વહાલામાં વહાલી ચીજ હતી એ પણ મેં તને આપી પણ એ ચીજ મેં તને વહાલથી ન આપી. મારું ઠેકાણું કેમ નથી પડયું એનું આ જ તો કારણ છે!

**હે પ્રભુ,**

માર જીવનની છેલ્લી પળોમાં જે કાર્યો કરવા હું તૈયાર થાઉં નહી એ કાર્યો હું કયારેય કરું નહી અને એ પળોમાં જે કાર્યો કરવા હું તૈયાર થઈ જાઉં એ કાર્યો હું અત્યારથી જ શરૂ કરી દઉં એવું સત્વ અને એવી સદબુદ્ધિ તું મને આપીને જ રહે.

**હે પ્રભુ,**

બાલ્યવયમાં મા-બાપને ગમતું જીવન હું જીવ્યો. યુવાવયમાં પત્નીને ગમતું જીવન હું જીવ્યો. બજારમાં અને વ્યવહારમાં સમાજને ગમતું જીવન હું જીવ્યો. આશીર્વાદ આપ તું મને કે તને ગમતું જીવન જીવવાનું હું શરૂ કરી દઉં.

**હે પ્રભુ,**

તારા મુખે મારી પ્રશંસા નથી થઈ એની મને ખબર છે પરંતુ હું જે માનવ જીવન પામ્યો છું એ માનવ જીવનની પ્રશંસા કરવામાં તો તેં કાંઈ બાકી રાખી નથી એની મને બરાબર ખબર છે. એક વિનંતી કરું તને ? એવું જીવન જીવવામાં તું મને સહાય કર કે તારે મારી પ્રશંસા કરવી જ પડે.

**હે પ્રભુ,**

તને ગમતું બધું જ કરી શકું એવું મારામાં સત્વ પણ નથી તો તને ન ગમતું બધું જ છોડી દેવાની મારામાં સદ્‌બુદ્ધિ પણ નથી અને છતાં હું તારા જેવો બની જવાનો જ છું એવી મને શ્રદ્ધા છે કારણ કે મારી પાસે 'અબ સોંપ દિયા ઈસ જીવનકો, ભગવાન તુમ્હારે ચરણો મેં' આ સમર્પણ ભાવ છે.

**હે પ્રભુ,**

જીવનમાં ઘણાં સુખો નથી મળ્યા એ બદલ મારા મનમાં કોઈ ગ્લાનિ પણ નથી તો એ અંગેની મારી જીભે કોઈ ફરિયાદ પણ નથી. હું તો આશ્ચર્યચકિત પણ છું અને આનંદિત પણ છું કે માર જીવનમાં આટલાં જ દુ:ખો કેમ આવ્યા છે ?

**હે પ્રભુ,**

મને એમ હતું કે સંસારની આ યાત્રામાં હું તારો હાથ પકડી લઈશ એટલે સહી સલામત બની જઈશ. તારો હાથ મે પકડયો પણ ખરો, પણ હું સહી સલામત ન બની શકયો. કારણ ? તારો હાથ મારે પકડવાનો નહોતો, તારા હાથમાં મારો હાથ મારે સોંપી દેવાનો હતો.

**હે પ્રભુ,**

સંસારની આ યાત્રામાં હું નોકરનો શેઠ બન્યો, વિદ્યાર્થીઓનો શિક્ષક બન્યો, દીકરાનો બાપ બન્યો, પત્નીનો પતિ બન્યો, અરે શિષ્યનો ગુરુ પણ બન્યો. મારું ઠેકાણું પડયું નહીં. એક જ રસ્તો બચ્યો છે મારું ઠેકાણું પાડવાનો. હું તારો ભકત બની જાઉં ! તું મારો સ્વીકાર તો કરી લઈશ ને?

O God !

I have considered you to be true and to be good but my tragedy is that I never consider you to be mine. Money is mine, wife is mine, body is mine but you are not mine. Cannot you operate upon my mind ?

**પ્રભુ તારી કરુણાનો કોઈ પાર નથી**

અભિપ્સા જો હૃદયમાં હશે તો
સત્ય નિષ્ઠાનું બળ પ્રભુ કૃપાયે મળી રહેશે.
યુધિષ્ઠિરનું હૈયું જો હૃદયમાં હશે તો
આકાશ જેવું હૃદય, ધરતી જેવું મન પ્રભુ કૃપાયે મળી રહેશે.
લાકડી બનીને જો જીવન આંગળી બનીને જીવીશું તો,
જગત સર્વને પુજવા હર હંમેશા તૈયાર છે
થાંભલો બનીને જો જીવન જીવીશું તો પ્રશ્ન છે થાંભલો કોને નડતો નથી?

- કનુભાઈ બી. ઠાકર

## બાળ કેળવણી (ભાગ-૫)

લવજીભાઈ કે. સવાણી

**ત્વરિત નિર્ણયની કેળવણી**

બાળકોને જો જીંદગી અને તેને લગતાં મૂલ્યોનું શિક્ષણ આપવાનું હોય તો એમાં ત્વરિત નિર્ણયનું શિક્ષણ પણ આપવાનું છે. આજે માનવીની દશા અને દિશા એની નિર્ણયશક્તિ પર આધારિત છે ત્યારે બાળકને આ અંગેની કેળવણી એની યોગ્ય અવસ્થાથી જ પ્રાપ્ત થાય તો બહુ સારાં પરિણામો મેળવી શકાય છે. બાળકને આગામી જીવનમાં ડગલેને પગલે નિર્ણયો લેવાના આવશે ત્યારે જો એને આ બાબતનું જ્ઞાન હશે તો તે તુર્ત જ યોગ્ય વિચાર કરી ત્વરિત નિર્ણય લેવામાં સફળ થશે.

**કાર્ય અને કાર્યપદ્ધતિનું શિક્ષણ**

બાળકને એક મહત્ત્વની કેળવણી આપવી જોઈએ અને એ કેળવણી છે કામ કરવાની. કામ કરવું અને કેવી રીતે કરવું એનું શિક્ષણ આપવું ઘણું જરૂરી છે. આપખુદ બનીને કામ કરવાની ટેવ પાડવાની છે. આપખુદ એટલે કે જે કામ કરે તેમાં પોતાની જવાબદારી પૂરેપૂરી છે. આ ઉપરાંત પોતાના કામમાં બીજાનો સહકાર કેવી રીતે મેળવવો તેની સમજણ પણ જરૂરી છે. આ વાત આપણે ઉદાહરણથી સમજીયે....

એક ગામમાં જૂનું તળાવ હતું. એને ફરી ખોદવાની જરૂર પડી. એ તળાવ ખેડૂતો માટે જીવાદોરી સમાન હતું, પણ એ તરફ કોઈ ધ્યાન આપતું નહોતું. બાબા રાઘવદાસે મનોમન નિશ્ચય કર્યો અને એક પાવડો, કોદાળી અને તગારું લઈને એકલા જ ખોદવા લાગ્યા. એક જ માણસ નભ જેટલું મોટું તળાવ ! પણ એ રોજ સવારે ઊઠી તળાવ ખોદવા મચી પડતા. ત્રણ જ દિવસમાં આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ અને પછી તો ઘાણા જ કોદાળી, પાવડો, તગારાં લઈને કામ કરવા લાગ્યા. જોતજોતામાં તળાવ ખોદાઈ ગયુ. જો રાઘવદાસે શરૂ ના કયું હોત તો તળાવ કદી ખોદાત જ નહીં. કોઈ પણ કામ કરવા માટે શરૂઆત કરવી જરૂરી છે. પછી આપોઆપ સહકાર મળી રહે છે.

**આળસ અને લાપરવાહીથી દૂર રહેવાનું શિક્ષણ...**

બાળકોની ચેતાના જીવંત હોય છે, જો એનું સંવર્ધન કરવામાં ના આવે તો એમાં આળસ અને લાપરવાહી જેવા દોષો પ્રવેશી જાય છે. આપણે જોઈએ છે કે નાનું બાળક જંપીને બેસતું નથી, એ કોઈ ને કોઈ પ્રવૃત્તિ તો કરતું જ હોય છે. તેની આ વૃત્તિને યોગ્ય દિશા અને યોગ્ય ગતિ આપવા માટે મા-બાપે સચેત રહેવું પડે છે. નહિ તો એની આ ચેતના ધીરે ધીરે નિષ્ક્રિય થતી જાય છે અને કિશોરકાળમાં આળસ રૂપે દેખા દે છે. આથી આળસ અને લાપરવાહીથી દૂર રહેવાનું અને ત્વરિત કાર્ય કરવાનું શિક્ષણ આપવું જોઈએ.

## એકમાત્ર પરમાત્મા જ છે

લેખક – શિવ

પરમાત્મા બધે છે. બધામાં છે બધું જ છે અને માત્ર એ જ છે. ગળે ઊતરે કે ન ઊતરે, પણ સાચી વાત આ જ છે. છતાં પરમાત્માને સૌથી પહેલાં શુભ અવસરે, કલ્યાણકારી કાર્યમાં, પવિત્ર પ્રસંગે પરોપકારની પિપાસામાં, સેવાના સુઅવસરે, વિશુદ્ધ વર્તનમાં, અણિશુદ્ધ આચરણમાં ને સદ્ગુણોમાં જુઓ- આમ જોતાંજોતાં બુદ્ધિ જેમ જેમ બ્રાહ્ય વિષયોમાંથી ખસીને આંતરિક દિશામાં વળાંક લેશે, તેમ તેમ પરમાત્માની ઝાંખી વધારે સ્વષ્ટરૂપે થશે અને છેવટે બધાનો વિલય થઈને કેવળ પરમાત્મા જ બાકી રહેશે.

પરંતુ 'બધામાં પરમાત્મા છે' એ વિચારનું ઓઠું લઈને પવિત્ર અને મંગળકારી સત્કાર્યને છોડીને, અમંગળ, પાપ, પરપીડા, અપવિત્રતા, હિંસા, અસત્ય, વ્યભિચાર, અશુદ્ધ વિચારો અને દુર્ગુણોના સાથ શોધશો નહિ તો પરમાત્માનું ધ્યાન બાજુએ રહી જશે અને પરમાત્માને નામે પાપોમાં આસકિત વધી જશે અને પાપોનું પરિણામ કયે દિવસે સારું આવ્યું છે. ?

સારું અને નરસું બને પ્રભુમાંથી પ્રગટે છે, ભગવાનમાં પ્રગટે છે; ભગવાન પોતે જ સારા અથવા નરસા બને છે, સંસારમાં જે કંઈ બની રહ્યું છે તે બધું ભગવાન જ ભગવાન છે. સદ્વિચારો અને સત્કર્મો

દ્વારા હૈયાની શુદ્ધિ થયા પછી જ આ સત્ય તત્ત્વનું જ્ઞાન થાય છે. નહિ તો, ભગવાનનું બહાનું કાઢીને પોતાની નિર્બળતાઓનો જ બચાવ કરવામાં આવે છે. સિદ્ધાંતોનો આથી દુરૂપયોગ થાય છે અને જાતને જાણી જોઈને છેતરવામાં આવે છે.

હરહંમેશ માટે સત્યના સંગાથી બનો, સત્યનું પાલન કરો, સત્યનો વિચાર કરો, સત્યનું મનન કરો, સત્યનો વ્યવહાર કરો, સત્યનું આચરણ કરો, સત્યનો અનુભવ કરો, સત્ય કર્મ કરો, સત્ય વાણી બોલો, સત્ય વસ્તુ સાંભળો, ટૂંકમાં જીવનને સત્યમય બનાવવાની કોશિશ કરો. આમ કરતાં રહેવાથી જયારે સત્યનું સત્ય સ્વરૂપ તમારી આંખો આગળ ખડું થશે અને જીવનનું પ્રત્યેક પગલું શુદ્ધ-સત્યમય બની જશે ત્યારે કેવળ સત્યનું જ અસ્તિત્વ જણાશે. જેને અસત્ય સમજીને છોડી દેવાનો જે વિચાર આજે આવે છે તેમાં પણ ત્યારે તમને સત્યનાં જ દર્શન થશે. તે સત્યનું આજનું અસત્ય સ્વરૂપ તેના મૂળ સ્લરૂપમાં પલટાઈ જશે. ના, એ અસત્ય જ નહિ દેખાય; પણ એ અસત્ય જડમૂળથી ઊખડી ગયું હશે. તેની મરણપોક મૂકાઈ ગઈ હશે-કાયમને મટે. બાકી રહયું હશે માત્ર સત્યનું સત્ય સ્વરૂપ ! આસકિત, કામના, દ્વેષ, ક્રોધ, લોભ, મોહ, ભય, ઈર્ષ્યા, વિષાદ વગેરે અસત્યનાં વિભિન્ન સ્વરૂપો ત્યારે શોધ્યાંય નહિ જડે. તેમની છાયા પણ નહિ મળે. ત્યારે કદાચ આબધાની લીલા થશે તોપણ, સત્યે પોતાની સ્વેચ્છાએ જ સજેલો એ સ્વાંગ હશે. અને એ સ્વાંગ અસત્યના પૂરને રોકીને સત્યની રક્ષા, સત્યનો વધારો, સત્યનું સંપાદન, સત્યનો પ્રકાશ અને સત્યના સ્વરૂપમાં દર્શન કરાવવા માટે જ હશે. સત્યપ્રેરિત સત્ય વડે ઓતપ્રોત સત્યની જ એ સત્યલીલા હશે. તેમાં અને આજના આ અસત્યથી ઢંકાયેલા અજ્ઞાનરૂપ, મોહરૂપ, પાપરૂપ, વિષાદરૂપ, ભયરૂપ સત્યમાં - કે જે મૂળમાં સત્ય હોવા છતાં અસત્યનું જ મૂળ સ્વરૂપ છે એટલો જ તફાવત છે, જેટલો સત્ય અને અસત્યમાં, આને જ સત્ય માનીને જો ભ્રમણાના ભ્રમણામાં ભટકયા કરશો તો સાચા સત્યનાં દર્શન દુર્લભ બનશે.

આ સત્ય એ જ પરમાત્મા છે, ભગવાન છે, સર્વદા છે, સર્વમાં છે ને સર્વ કંઈ છે. આ સત્યની પ્રાપ્તિ માટે જ અનંત જીવનનો અનંત કર્મપ્રવાહ છે, આ સત્યની પ્રાપ્તિ એ જ મુકિત છે, જીવનની સફળતા છે અને પ્રભુનો સાક્ષાત્કાર છે.

એ સાચું છે કે, સત્ય નિત્ય અને સર્વત્ર છે. વળી એ પણ એટલું જ સાચું છે કે, સત્ય સિવાય બીજાુ કંઈ છે જ નહિ. પરંતુ જયાં સુધી આપણને સત્યના સમગ્ર સ્વરૂપનો અનુભવ થતો નથી. સત્ય સ્વીકારવાથી અથવા સત્ય સિવાય બીજાું કઈ છે જ નહિ એમ બધાને જાહેર કરવાથી આપણે સત્યના એક અપવિત્ર અંશ- જેને આપણે જ આપણી સ્વ-આશ્રિત ભૂલથી અપવિત્ર બનાવ્યો છે તેને - સમગ્ર સત્ય સમજીને, સત્યસ્વરૂપ સંપૂર્ણ સત્યને પ્રગટ થવામાં નડતરરૂપ બનીએ છીએ. આપણે પોતે જ આપણને છેતરીએ છીએ. આપણા આ મોહને દૂર કરવા માટે, આપણી આ ભૂલને ભોંયભેગી કરવા માટે આપણે પ્રયત્ન કરવો જરૂરી છે.

એમ કહી શકાય ખરૂ, કે જે છે જ નહિ તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ પણ એક ભૂલ જ છે; પરંતુ આ ભૂલથી તે ભૂલ દૂર થશે. માટે સત્યને પ્રગટ કરનાર હોવાને લીધે આ જાતનો પ્રયત્ન કરવો એ ભૂલ નથી. આ પણ સત્ય જ છે. કોઈ પણ વસ્તુનું સાચું સ્વરૂપ સમજાઈ જવાથી તેના સંબંધી મિથ્યા ભ્રાન્તિ આપોઆપ ટળી જાય છે; તેથી સત્યના સ્વરૂપને સમજવામાં સહાયભૂત હોવાને લીધે, આ પ્રયત્ન પણ સત્ય જ છે. આ પ્રયત્ન છે - ખરાબને ખસેડીને, અસતને અર્દશ્ય કરીને, સત્યને સીકારીને, સદાચાર ને સદ્વિચાર-પરાયણ બનીને, સત્કર્મ કરીને, અભિમાન ત્યજીને, દંભ છોડીને ભકિત કરવી; અને સાધનચતુષ્ટય (વિવેક, વૈરાગ્ય, ષટ્ સમ્પત્તિ અને મુમુક્ષુત્વ)ને પ્રાપ્ત કરીને, તત્ત્વને જાણવાની મહેનત કરવી.

જયાં સુધી તમને જ્ઞાન છે કે 'આ ખરાબ છે, આ સારું છે' ત્યાં સુધી તમે સારા-નરસાનો ભેદભાવ નહિ ભૂલી શકો. માટે જો આત્મકલ્યાણની અપેક્ષા હોય અને ખરેખર સુખ-શાંતિની ચાહના હોય, પરમાત્માનાં દર્શન કરવાની ભાવના હોય, નિત્ય અભિન્નરૂપે એકમાત્ર પરમાત્માનો અનુભવ કરવાની ખેવના હોય તો, 'સારૂં-ખોટું બધું પરમાત્મરૂપ છે' એવું કહેવાનું છોડી દો અને શુદ્ધ કર્મ, શ્રદ્ધાયુકત તથા વિવેકવૈરાગ્યયુકત બનીને તત્ત્વજ્ઞાનને મેળવવા તમામ તાકાતથી સાધના કરો !

સંદિપ એલ. દેસાઈ
(જીવાપર)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

શાંતિ મેળવવા માટે પણ દરેક મનુષ્યએ ઉત્સાહિત, આનંદિત રહેવું ખૂબ જ જરૂરી છે અને જ્યારે જ્યારે આવો મનુષ્ય શાંતિની પળોમાં આનંદ અને હળવાશની લાગણી અનુભવે છે. ત્યારે ત્યારે તેને દિવ્યપ્રકારની આંતરિક અનુભૂતિ થાય છે અને તેને સંતોષની લાગણી જન્મે છે એનો અર્થ એ થયો કે મનુષ્યનુ મન સંતોષનો ઓડકાર ભરે છે અને મુકત મનથી લાગણીઓના ઘોડાપુરમાં વિહરવા લાગે છે આથી મુકિતનો માર્ગ મોકળો થાય છે. બાકી ઘણા લોકો તો શાંતિ મેળવવાના નામે કેટકેટલાય સ્થળોએ દોડયા જ કરે છે પરંતુ તેના મનમાં જ કોઈ સ્થળે શાંતિ દેખાતી જ નથી. તમે ઘરે બેસીને શાંત ચિત્તે સદ્‌ગુરૂ પરમાત્માનું સ્મરણ કરો તો બધે શાંતિ છે જ કશે ભટકવાની જરૂર રહેતી નથી. વળી સદ્‌ગુરૂ સ્વામીજી કહેતા કે મારામાં જ પ્રભુનો વાસ છે તો બહાર તેને ગોતવાની શી જરૂર ? અને આ દુનિયામાં સૌથી વધારે ગતિ હોય તો તે મનની છે. એક ક્ષણમાં તમે હરિદ્વાર પહોંચી જાવ બીજી ક્ષણે જ સુરત અને ત્રીજીક્ષણમાં તો તમે અમેરિકા પહોંચી જાવ છો.

કેટલાંક લોકો કહેતા ફરે છે કે અમારા નસીબમાં શાંતી જ નથી પરંતુ જે વ્યકિત ઓછું બોલી પોતાની આવક કરતાં ઓછો ખર્ચ કરે. જેને પછેડી પ્રમાણે સોડ તાણવી એમ પણ કહી શકાય અને ત્રીજું જે ફકત પોતાના શરીરને પોષણ આપવા પુરતું જમે આવા મનુષ્ય લાંબુ અને શાંતિભર્યું જીવન જીવે છે. ગંગા, યમુના અને સરસ્વતિના ત્રિવેણી સંગમની જેમ ઉપરોકત ત્રણેય વસ્તુઓનો ત્રિવેણી સંગમ મનુષ્યના જીવનમાં ભાગ્યેજ જોવા મળે. ઓછું બોલવું, જરૂર પુરતું જીવન જીવવા માટે શરીરના પોષણ માટે જરૂરી હોય એટલુ ખાવું. એ બધા તો યોગીઓના મહાપુરૂષોના લક્ષણ છે. યોગી હંમેશા મૌન રહેવાનું વધુ પસંદ કરતા હોય છે. મૌન હંમેશા પરમાત્માની નજીક જવા માટેનો એક સરળ માર્ગ કહેવાય. મનુષ્યે પોતાના ચંચળ મનને પરમાત્મામાં લીન કરવું અને સાંસારિક બંધનોમાં ન બંધાવા દેવું તેનું નામ મૌન. મૌન હંમેશા માનવીને પરમ કૃપાળું પરમાત્માની નજીક દોરી જાય છે. મન વિચારે છે કે આ મારું છે આ તારું છે આ બીજાનું છે અને સંસારની માયામાં અટવાતો જ જાય છે અને એ રીતે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી દે છે.

ખરેખર હજારો લાખો મનુષ્યોમાંથી એકાદ જ એવો ભાગ્યશાળી હશે કે જેને ઈશ્વરને પામવાની ઈચ્છા હોય છે અને જે તેને માટે ખરા ભકિતભાવથી પ્રયત્ન કરે અને એવી ઈચ્છાશકિત ધરાવનારા હજારો લાખોમાંથી એકાદ જ એવા નીકળે કે જે પરમ કૃપાળું પરમાત્મા પાસે પહોંચી શકે અને સત્ય સ્વરૂપ પરમાત્માને ઓળખી શકે. કોઈના મનને આપણી વાણી દ્વારા તકલીફ ન પહોંચે, ગુસ્સો ન આવે અને મિષ્ટભાષી રહેવું એ પરમાત્માની સમીપ પહોંચવા માટેની એક કેડી છે કોઈને ઉપયોગી ન થાવ તો કંઈ નહીં પરંતુ નડતરરૂપ તો ન જ થવું જોઈએ. સમર્થ સદ્‌ગુરૂ પરમાત્માને પામવા માટેનો રસ્તો બતાવે છે. દ્વાર ખોલી આપે છે પરંતુ શિષ્ય એ દ્વારની અંદર પ્રવેશવા માટેનો પ્રયાસ કરવાની જરૂર છે. આ માટેનું પણ પહેલું પગથિયું છે મૌન. ઘણા લોકો મૌનનો અર્થ ફકત પોતાની જીભને કાબુમાં રાખવી એવો કરે છે. પરંતુ તે સત્ય નથી મૌન નો અર્થ એ છે કે આપણા મનને, મસ્તકને, મગજને શાંત રાખવાની વાત છે. જેથી વિચારોનું આવન જાવન બંધ થશે અને આત્માનો આત્મા સાથે મેળાપ થશે અને એ રીતે મનુષ્ય એક પ્રકારની આંતરિક સ્થિરતા પ્રાપ્ત કરી શકશે આ એક ધ્યાનનો પ્રકાર છે. ટૂંકમાં મૌન એટલે સંસારના અટપટા ચક્રો તરફ અટવાયેલા મનને પરમાત્મામાં લીન કરી તેના તરફ વાળવું અને મન જ્યારે સંપૂર્ણપણે વિષયોને છોડીને ઈચ્છારહિત થશે ત્યારે તે બ્રહ્મમય બની જશે અને તો જ સાચી શાંતિનો અનુભવ થાશે. પૂર્ણ બ્રહ્મત્વને પામવા માટે સદ્‌ગુરૂનું શરણ, ગુરૂના વચનોમાં વિશ્વાસ રાખી ગુરૂજીએ બતાવ્યા માર્ગે આગળ વધવાથી ગુરૂજી દ્વારા આપવામાં આવેલા બોધને જીવનમાં ઉતારવાથી જ્યોતિ સ્વરૂપે સાક્ષાત્કાર કરીને મનુષ્ય મોક્ષની ગતિને પામે છે.

ૐ શાંતિ શાંતિ શાંતિ



બ્રહ્મલીન સદ્ગુરૂવર્ય પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય





સમારોહના અધ્યક્ષ પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**પીપળીયા ગામના આંગણે પરમ પૂજ્ય પ્રગટ પ્રભુ પરમાત્મા સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો**

# '૧૩૫' મો નિર્વાણ જયંતિ મહોત્સવ

**જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે આ વર્ષે અનન્તકોટી બ્રહ્માંડનાયક સચ્ચિદાનંદ પરમાત્માની અસીમ કૃપાથી આર્યદિવાકર યતીન્દ્રવર્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ અનન્તશ્રી વિભૂષિત બ્રહ્મલીન સદ્ગુરૂ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો '૧૩૫' મો નિર્વાણ જયંતિ મહોત્સવ** સંવત ૨૦૭૨ ના માગશર વદ સાતમને શુક્રવાર તા. ૦૧-૦૧-૨૦૧૬ ના રોજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી** ની પવિત્ર અને પાવનકારી જન્મભૂમિ એવા પીપળીયા ગામને આંગણે પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ **મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

આ પ્રસંગે સંતો-મહંતો-મહામંડલેશ્વરો તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશિર્વચનનો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યુ આમંત્રણ છે, તો અવશ્ય લાભ લેવા પધારશોજી.

## નિર્વાણ જયંતિ મહોત્સવનો કાર્યક્રમ

**શોભાયાત્રા :** તા. ૩૧-૧૨-૨૦૧૫, ગુરૂવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે

**તા. ૦૧-૦૧-૨૦૧૬, શુક્રવાર**

### સવારે

| | |
|---|---|
| પ્રાતઃ પ્રભાતિયા | : ૪-૩૦ થી ૬-૦૦ |
| શ્રી ગુરૂગીતાનો પાઠ | : ૬-૦૦ થી ૭-૩૦ |
| ચા-પાણી નાસ્તો | : ૭-૩૦ થી ૮-૩૦ |
| શ્રી સદ્ગુરૂજી પૂજન | : ૮-૩૦ થી ૯-૩૦ |
| સંતોનું સ્વાગત-સન્માન | : ૯-૩૦ થી ૧૦-૦૦ |
| મહાપુરૂષોનું પ્રવચન- (વિષય ગુરૂભક્તિ) | : ૧૦-૦૦ થી ૧૨-૩૦ |

### બપોરે

| | |
|---|---|
| મહાપ્રસાદ | : ૧૨-૩૦ થી ૨-૦૦ |
| ભજન-કીર્તન | : ૨-૩૦ થી ૩-૦૦ |
| સંતોના પ્રવચનો (વિષય ગુરૂભક્તિ) | : ૩-૦૦ થી ૫-૩૦ |
| આરતી-ધોળ | : ૫-૩૦ થી ૬-૦૦ |

### સાંજે

| | |
|---|---|
| ભોજન તથા સેવક પરિવાર મિલન | : ૬-૦૦ થી ૮-૦૦ |
| પ્રાર્થના-કીર્તન- સંતોના પ્રવચન-ધૂન-ગરબી | : ૮-૦૦ થી ૧૨-૦૦ |

### સંપર્ક સુત્ર

મો. ૯૮૭૯૭ ૫૦૫૯૮, ૯૮૨૫૯ ૬૬૫૮૭, ૯૮૨૪૧ ૨૫૯૧૧

### નિમંત્રણ

પીપળીયા સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ

### મહોત્સવ સ્થળ

ઠે. ''માધવધામ'',
મુ. પીપળીયા, તા. શિહોર,
જી. ભાવનગર-૩૬૪૨૪૦.

સુરત થી પીપળીયા મહોત્સવમાં આવવા માટે આ બસમાં બુકીંગ કરાવવું.

મો. ૯૯૨૫૫ ૫૮૦૯૦
મો. ૯૪૨૭૮ ૧૧૫૭૫
ફોન. (૦૨૬૧) ૨૫૫૬૦૦૭
ફોન. (૦૨૬૧) ૨૫૫૬૦૦૯

**દિશા ટ્રાવેલ્સ**

૪, સંતોષનગર સોસા.,
ગાયત્રી સોસા. સામે,
એલ. એચ. રોડ, સુરત.

## ❁ શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ સંચાલિત હોમિયોપેથિક દવાખાનું ❁

લી.
ડો. જી. આર. કોશિયા

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ ટ્રસ્ટ સંચાલીત હોમીયોપેથીક દવાખાનું અને સી.ડી. પચ્ચીગર જનરલ હોસ્પીટલ દ્વારા તા. ૦૧-૧૧-૨૦૧૫ ને રવિવારે સવારે ૯ થી ૧ કલાકે સર્વરોગ નિદાન અને સારવાર તેમજ 'નેત્રયજ્ઞ' નું વિનામુલ્યે આયોજન કરવામાં આવેલ.

આ કેમ્પમાં ૧૨૪ દર્દીઓએ જુના અને હઠીલા રોગોની વિના મુલ્યે સારવાર લેવામાં આવી હતી, તેમજ દરેકને ૧૫ દિવસની દવા નું વિતરણ કરવામાં આવેલ.

'નેત્રયજ્ઞ' માં ૨૭૮ દર્દીઓએ લાભ લીધેલ જેમાં "મોતીયો" ઝામર, ચશ્માના નંબર તેમજ આંખના પડદાની સારવાર અને નિદાન કરવામાં આવેલ. ૨૪૮ દર્દીઓને વિના મુલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવેલ. ડો. રાયજી વાલાએ દર્દીઓની તપાસ કરી.

આ કેમ્પમાં (૧) ડો. ગોરધન આર. કોશિયા (૨) ડો. વિપુલ શાસ્ત્રી (૩) ડો. આશીષ કાનાણી (૪) ડો. ડી. એન. માંગુકીયા (૫) ડો. સૂમેતા પંડિત (૬) ડો. શૈલેષભાઈ શાહ વગેરે એ દર્દીઓને તપાસી, વિના મૂલ્યે તપાસ કરી તેની સેવાનો લાભ આપેલ.

આશ્રમનાં સેવાભાવી ટ્રસ્ટીઓ, સેવકો અને કોલેજના વિદ્યાર્થીઓએ હાજર રહી અમારા આ કાર્યમાં ઉત્તમ માર્ગદર્શન આપી અને દર્દીઓને મદદરૂપ થયેલ.





## ॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥




# શ્રી માધવાનંદ આશ્રમ

## સંચાલિત

## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય આયોજીત

## ॥ અધ્યક્ષ ॥


**પરમ પૂજ્ય અનન્ત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ**

# મફત નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ નિદાન કેમ્પ



## તા. ૦૬-૧૨-૨૦૧૫ ને રવિવાર

## સવારે : ૯:૦૦ થી ૧:૦૦



**કેમ્પના આર્થિક સહયોગી :- સ્વ. લીલાવતીબહેન કનુભાઈ પટેલ (ગામ-નાના કકરા, જી. નવસારી) (લેસ્ટર, યુ.કે.)**

## દાંતના ડૉ. વૈદ્ય : ડૉ. મધુભાઈ બી. ઉપાધ્યાય


**સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દયારામ પુરી, ચાંદોદ, પોસ્ટ ઓફિસની સામે,**
**તા. ડભોઈ, જી. વડોદરા, ફોન :- ૦૨૬૬૩-૨૩૩૩૬૨**

## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ઔષધાલય રાહત દરનું દવાખાનું

**શંકરા આઈ હોસ્પિટલના સહયોગથી**

**મુ. મોગર ગામ, આણંદ, નેશનલ હાઈવે નં. ૮, ફોન : (૦૨૬૯૨) ૨૮૦૪૫૦, ૨૮૦૪૬૦**

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વડદલા)

- કથા પ્રારંભ : કારતક વદ ૧૩ ને બુધવાર તા. ૦૯-૧૨-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર સુદ ૨ ને રવિવાર તા. ૧૩-૧૨-૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : માગશર સુદ ૪ ને મંગળવાર તા. ૧૫-૧૨-૨૦૧૫
- કથા સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમના ચોકમાં, વડદલા.
  મો. ૯૭૧૪૨ ૭૬૨૯૧, ૮૧૪૧૯ ૭૫૩૫૬
- આયોજક : નટુભાઈ હરમાનભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, ઘનશ્યામભાઈ મંગળભાઈ, કાન્તિભાઈ અંબાલાલ, રસીકભાઈ તથા હર્ષદભાઈ, મહેન્દ્રભાઈ ડાયાભાઈ, મંજુલાબેન તથા મહિલા મંડળ

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (રાણપુર)

- કથા પ્રારંભ : માગશર સુદ ૬ ને ગુરૂવાર તા. ૧૭-૧૨-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર સુદ ૧૧ ને સોમવાર તા. ૨૧-૧૨-૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : માગશર સુદ ૧૩ ને બુધવાર તા. ૨૩-૧૨-૨૦૧૫
- આયોજક : રણછોડભાઈ રામજીભાઈ ડાભી, સતીષભાઈ આર. ડાભી, લાલજીભાઈ રણછોડભાઈ ડાભી
- કથા સ્થળ : મુ. રાણપુર, તા. રાણપુર, જી. અમદાવાદ. મો. ૯૯૨૫૮ ૭૬૧૯૦, ૯૦૨૭૩ ૨૨૨૪૨

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સોજીત્રા)

- કથા પ્રારંભ : માગશર સુદ ૧૪ ને ગુરુવાર તા. ૨૪-૧૨-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર વદ ૩ ને સોમવાર તા. ૨૮-૧૨-૨૦૧૫
- કથા પૂર્ણાહૂર્તિ : માગશર વદ ૫ ને બુધવાર તા. ૩૦-૧૨-૨૦૧૫
- આયોજક : હિતેષભાઈ સુમનભાઈ પટેલ, હાર્દિકભાઈ હિતેષભાઈ પટેલ,
  આશીષભાઈ હિતેષભાઈ પટેલ, રેણુકાબેન હિતેષભાઈ પટેલ
- કથા સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમમાં મો. ૯૪૨૮૧ ૫૧૩૪૮, ફોન. ૦૨૬૯૭-૨૩૩૧૫૦


**પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીના નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે ૩૦ ડિસેમ્બરે પીપળીયા પધારશે.**

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (મોટા ઈસનપુર)

- કથા પ્રારંભ : માગશર વદ ૯ ને રવિવાર તા. ૦૩-૦૧-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : માગશર વદ ૧૧ ને મંગળવાર તા. ૦૫-૦૧-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : માગશર વદ ૧૪ ને શનિવાર તા. ૦૯-૦૧-૨૦૧૬
- આયોજક : પટેલ રાજુભાઈ રામભાઈ (મુખી) મો. ૯૯૨૫૪ ૧૧૧૦૯,
  પટેલ રીટાબેન રાજુભાઈ મો. ૦૭૯૨૩૨ ૭૯૧૮૨
- કથા સ્થળ : ઉગણાભાગની પટેલ વાડી

**વેબસાઈટ : www.omshreemadhavanandji.org** GET IT ON Google play | Download on the App Store

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીના ૧૩૫ માં નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે તા. ૧૪-૧૨-૨૦૧૫ ના પીપળીયા ગામે પધારશે.



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૧૨-૧૨-૨૦૧૫ થી ધર્મજ
- તા. ૧૫-૧૨-૨૦૧૫ થી કંથારીયા
- તા. ૧૮-૧૨-૨૦૧૫ થી લીંબાસી
- તા. ૨૧-૧૨-૨૦૧૫ થી હેરંજ
- તા. ૨૩-૧૨-૨૦૧૫ થી ખાંધલી
- તા. ૨૫-૧૨-૨૦૧૫ થી સુધડ
- આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ પૂનમની ઉજવણી માટે પધારશો.
- પ.પૂ.સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૫ માં નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે ૩૦ ડિસેમ્બરે પીપળીયા પધારશે.

## ''વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સુચના''

(૧) વેદ રહસ્ય દર માસની પાંચ તારીખે પ્રગટ થાય છે. તા. ૧૫ સુધીમાં ન મળે તો ફોન દ્વારા કાર્યાલયમાં જાણ કરવી.

(૨) જે સભ્યોને સરનામાં ટ્રાન્સફેર કરવાના હોય તેને પોતાનો પહેલો ચીરીજ નંબર અને ગ્રાહક નંબર તેમજ જૂનું સરનામું લખવું. નવું સરનામુ મોબાઈલ નંબર સાથે સારા કાગળમાં સારા અક્ષરે કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

(૩) લેખ-ભજન-સંપૂર્ણ આધ્યાત્મિક અનુરૂપ હોવા જોઈએ લેખ એક જ સાઈડમાં આગળ હાંસીયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે સારા કાગળમાં લખી મોકલવો. પાછળની સાઈડમાં લખવું અને જે લેખો પ્રગટ કરવા જેવા નહી લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહીં. લેખકને કોઈપણ મહેનતાણું કે પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૪) આજીવન ગ્રાહક યોજના - પ.પૂ. અનંત શ્રી વિભુષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની શુભ પ્રેરણા તેમજ આશીર્વાદથી અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યના માર્ગદર્શન નીચે તેમના સેવક મંડળ દ્વારા સુરત થી માસીક પ્રગટ થાય છે.

(૫) લવાજમની રકમ કાર્યાલયના સરનામે ડ્રાફ્ટ અથવા ચેક મનીઓર્ડરથી પણ સ્વીકારવામાં આવે છે. ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવો ત્યારે શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ નામનો લખીને મોકલાવવો.

(૬) વેદ રહસ્યનું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે. વાર્ષિક લવાજમ વર્ષની વચ્ચે ગમે તે માસથી સભ્ય થયા હશે તો પણ ડિસેમ્બરમાં વર્ષ પૂરૂ થશે. જાન્યુઆરીથી નવા વર્ષનું લવાજમ ભરવાનું રહેશે. પત્ર વ્યવહારનું તથા લવાજમ મોકલવાનું સરનામું :- વેદ રહસ્ય કાર્યાલય, શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, શ્રી માધવાનંદ આશ્રમ ઉદયનગર-૧, કતારગામ રોડ, સુરત-૪. ફોન. ૦૨૬૧-૨૫૩૪૬૧૦

(૭) વેદ રહસ્યના જે સભ્યનો સ્વર્ગવાસ થયેલ હશે તેનું વેદ રહસ્ય બંધ થઈ જશે. શરૂ કરવા માટે નવુ લવાજમ ભરવાનું રહેશે તે ખાસ નોંધ લેશો અને જે સ્વર્ગવાસ થયેલ હોય તેનું આજીવન સભ્યપદ પૂરૂ થવાથી જાણ કરી કેન્સલ કરાવવા અને નવું લવાજમ ભરવા નમ્ર વિનંતી.

તા.૧૧-૧૧-૨૦૧૫ના દડવા મુકામે ભક્તોને દિવાળીના શુભ આશીર્વાદ પાઠવતા
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય





તા.૨૦-૧૧-૨૦૧૫ના ઝરીયા મુકામે ભક્તોને આશીર્વચન આપતા
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



તા.૧૩-૧૧-૨૦૧૫ થી ૧૯-૧૧-૨૦૧૫ સુધી નાવડા મુકામે શ્રીમદ્ ભાગવત સપ્તાદ દરમ્યાન ભક્તોને સરળ ગુજરાતી ભાષામાં જ્ઞાનથીતરબોળ કરતા પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-